જૈનદર્શન

અને

માંસાહાર.

લેખકઃ—

રાવ સાહેબ

મણિલાલ વનમાળી શાહ.

જૈનદર્શન અને માંસાહાર

લેખક:-

રાવ સાહેબ મણિલાલ વનમાળી શાહ A. I. I. A.

આરકીટેકટ અને સરવેયર.

માનદ્ મંત્રી શ્રી સ્થાનકવાસી જૈન સંઘ-રાજકોટ.

પ્રકાશક:-

શ્રી મહાવીર જૈન જ્ઞાનોદય સોસાયટી-રાજકોટ.

પ્રત ૧૦૦૦ કિંમત [illegible] આના. સંવત ૧૯૯૫.

પ્રકાશક :
શ્રી મહાવીર જૈન જ્ઞાનોદય સોસાયટી.
રાજકોટ.

મુદ્રક :
શાહ બ્રધર્સ પ્રીન્ટીંગ પ્રેસ,
લલ્લુભાઇ બિલ્ડીંગ,
રાજકોટ.

નિવેદન.

एवं खु नाणिणो सारं, जं न हिंसइ किञ्चणं ।
अहिंसा समयं चेव, एतावतं विआणिआ ॥

સૂયગડાંગ સૂત્ર.

"પુષ્પ પાંખડી જ્યાં દુભાય,
જિનવરની ત્યાં નહિ આજ્ઞાય."

મોક્ષમાળા.

અહિંસા એ જ ધર્મ છે, એમ શાસ્ત્રમાં ઠેકઠેકાણે પોકારી પોકારીને કહેનાર અરે ! અહિંસા એ જ જેનો પ્રાણ છે, એવા જૈનધર્મના આગમગ્રંથો (સૂત્રો)માં આવતાં કેટલાંક સૂત્રો અગર ગાથાઓના અર્થ તથા મર્મ બરાબર નહિ સમજી શકવાથી કેટલાક અભ્યાસીઓ કે જેમણે પરંપરાથી અગર તો ગુરુગમથી શાસ્ત્રનો અભ્યાસ કરેલ નથી તેઓના મનમાં એવી શંકાઓ થાય છે કે, જૈનધર્મમાં પ્રાચીન કાળમાં એટલે પ્રભુ મહાવીરના વખતમાં માંસાહાર પ્રચલિત હશે.

પ્રભુ મહાવીરના વખતમાં હિંદુસ્થાનમાં મુખ્ય ૩ ધર્મો પ્રવર્તતા હતા. ૧ વેદ ધર્મ ૨ બૌદ્ધ ધર્મ અને ૩ જૈનધર્મ. આ ત્રણ પૈકીના પહેલા વેદધર્મમાં તો તે વખતે પશુબલિદાન અને તેને લીધે માંસાહાર પ્રચલિત હતો. ધર્મના નામે ચાલતી આવી હિંસક પ્રવૃત્તિની સામે બંડ ઉઠાવનાર બૌદ્ધધર્મમાં પણ ગમે તે કારણે, ગમે તે વખતે એક યા બીજા સ્વરૂપમાં માંસાહાર દાખલ થવા પામ્યો,

અને તેથીજ તે બન્ને ધર્મની અત્યારે વિદ્યમાન શાખાઓમાંની કોઇ કોઇ શાખામાં માંસાહાર પ્રચલિત છે. જ્યારે જૈનધર્મની અત્યારે વિદ્યમાન કોઇ પણ શાખામાં, ફિરકામાં, પંથમાં અગર તો કોઇ પણ પ્રમાણિક ગણાતી જૈન વ્યક્તિમાં માંસાહાર પ્રચલિત નથી. એ વાત સ્પષ્ટ બતાવી આપે છે કે, જૈનધર્મમાં કોઇ પણ સમયે માંસાહાર પ્રચલિત નહિ હતો. જો તે પ્રાચીનકાળમાં પ્રચલિત હોત, તેના સાધુઓ માંસાહાર કરતા હોત અને તેના પ્રવર્તક ખુદ મહાવીરે માંસાહાર કરેલ હોત તો આવા ઉતરતા કાળમાં જૈનધર્મની કોઇ પણ શાખામાં એક યા બીજા રૂપમાં માંસાહાર અવશ્ય ઉતરી આવત. પણ તેમ બનેલ નથી એજ સ્પષ્ટ બતાવી આપે છે કે, જૈનધર્મમાં કોઈ પણ કાળમાં માંસાહારનું અસ્તિત્વ હતું જ નહિં.

આવું સચોટ પ્રમાણ હોવા છતાં જ્યારે આવી શંકાઓ થાય છે અને તેના સમર્થનમાં શાસ્ત્રીય દ્રષ્ટાંતો અપાય છે ત્યારે તો તેનું શાસ્ત્રીય રીતે સમાધાન થવું જ જોઇએ. આ શંકાઓનું સમાધાન કરવા અગાઉ પણ સમર્થ વિદ્વાનોએ કોશીશ કરેલ અને અત્યારે પણ થઇ રહેલ છે, પરંતુ આ લેખમાં તે સમગ્ર વિષયનું જે પ્રમાણે શાસ્ત્રીય રીતે સમાધાન કરવામાં આવેલ છે તે પ્રમાણેનું સમાધાન હજી સુધી થયેલ હોય તેમ મારી જાણમાં નહિ હોવાથી આ લેખ લખવા હું પ્રેરાયેલો છું. આ પ્રયાસમાં હું કેટલો સફળ થયો છું તે તો વાચકવર્ગ જ કહી શકે.

આ લેખ લખવાની પ્રેરણા કરનાર તથા તેને અંગે કેટલીક મહત્ત્વની સૂચનાઓ કરનાર મહાપુરૂષ પૂજ્ય શ્રી જવાહિરલાલજી મહારાજ સાહેબ હતા. તેઓશ્રીએ સંપૂર્ણ લેખ બે વખત કાળજી પૂર્વક સાંભળ્યો હતો તથા પ્રસન્નતાપૂર્વક કહેલ હતું કે, " લેખમાં આપવામાં આવેલ દલીલો તથા પ્રમાણો વિચારવા

યોગ્ય છે તથા જૈનધર્મ ઉપર માંસાહારનું જે કલંક ચડાવવામાં આવે છે તે કલંક ઉતારવાનો પ્રયાસ આ લેખમાં પૂરેપૂરો સફલતા પૂર્વક કરવામાં આવેલ છે." લેખ કાળજી પૂર્વક સાંભળવા બદલ તથા તેને અંગે કેટલીક મહત્ત્વની સૂચનાઓ કરવા બદલ તેઓશ્રીનો આભાર માનવામાં આવે છે.

મારા આ પ્રયાસનું મુખ્ય સાધન તો સ્વ. ડૉકટર સાહેબ નરસિંહભાઇ ત્રિકમજી મહેતા એલ. એમ. એન્ડ એસ. ની નોંધો અને ટિપ્પણો છે. તેમણે પણ આ દિશામાં ઘણી મહેનત કરી કેટલુંક ટિપ્પણ કરેલ હતું પરંતુ તેમની પ્રકૃતિ અનુસાર તે તેમણે પોતાની નોંધપોથીમાં લખી રાખેલ, પ્રસિદ્ધ કરેલ નહિ. આ લેખમાં તેમની નોંધનો સંપૂર્ણ ઉપયોગ કરવામાં આવ્યો છે એટલે આ લેખથી જૈનધર્મની કંઇ પણ અંશે સેવા થશે તો તેનો યશ તેમને ઘટે છે. તથા જે વાત તેમને અત્યંત પ્રિય હતી તે આમ પ્રસિદ્ધિમાં આવે છે અને તેમાં હું નિમિત્તરૂપ થાઉં છું તે મને અત્યત આનંદ અને સંતોષ ઉપજાવનારૂં છે.

સ્વ. ડૉકટર સાહેબના સુપુત્ર ડૉકટર કેશવલાલભાઇએ તેમના પિતાશ્રીના સાહિત્યનો તથા તેમની નોંધ તથા ટિપ્પણનો મને છૂટથી ઉપયોગ કરવા આપ્યો તથા આ લેખના પ્રચારમાં પણ જે સહાયતા આપી તે બદલ તેમનો આભાર માનવામાં આવે છે.

રાજકોટની ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજના પ્રિન્સીપાલ, પ્રખર વિદ્વાન્ શ્રીમાન્ ત્ર્યંબકલાલ નંદકેશ્વર દવે એમ. એ; બી. ટી; પી, એચ. ડી. (લંડન) એ ઓ શ્રી પોતે જૈન ન હોવા છતાં પોતાના અમૂલ્ય વખતનો ભોગ આપી આખું પુસ્તક ધ્યાનપૂર્વક વાંચી વિચારી જે વિદ્વત્તાભરેલ ઉપોદ્ઘાત લખી આપી જૈનધર્મની જે અમૂલ્ય સેવા બજાવી છે તે બદલ તેઓશ્રીને અંતરના અભિનંદન તથા આભાર.

બીજા વિદ્વાન્ મુનિ મહારાજો, નિષ્ણાત પંડિતો તથા શાસ્ત્રજ્ઞ શ્રાવકો કે જેઓને આ પુસ્તકની એડવાન્સ કોપીઓ મોકલવામાં આવી હતી તેઓએ પુસ્તક સાદ્યંત તપાસી તેને અંગે પોતાના અભિપ્રાયો આપેલ છે તે સઘળા મહાનુભાવોનો આ સ્થળે અંત:કરણપૂર્વક આભાર માનવામાં આવે છે. તેમના અભિપ્રાયો આ લેખને છેડે આપવામાં આવેલ છે, જે તરફ દ્રષ્ટિ કરવા વાચકવર્ગને વિનંતિ કરવામાં આવે છે.

ભાઇશ્રી ઝવેરચંદ જાદવજી કામદારે પ્રસન્નચિત્તે આ કામમાં વખતો વખત મને જે સહાયતા આપેલ છે તે બદલ તેમનો પણ આભાર માનવામાં આવે છે.

તેમજ શ્રી મહાવીર જૈન જ્ઞાનોદય સોસાયટી કે જે આવું ઉપયોગી સાહિત્ય બહાર પાડી જનતાની જે સેવા કરી રહેલ છે તે પણ ધન્યવાદને પાત્ર છે.

છેવટે લેખમાં આપવામાં આવેલા અર્થો, દલીલો અને પ્રમાણો વગેરે પૂરતા લક્ષપૂર્વક વાંચવા, વિચારવા તથા ઘટાવવા વાચકવર્ગને નમ્ર વિનંતિ છે.

"મંદુલી" રાજકોટ
મહાવીર જયંતી
તા. ૨-૪-૧૯૩૯
રવિવાર

રાવ સાહેબ મણિલાલ વનમાળી શાહ.
માનદ્ મંત્રી શ્રી સ્થાનકવાસી જૈન સંઘ
રાજકોટ.

ઉપોદ્‌ઘાત.

પ્રો. હર્મન જેકબીએ અમુક વર્ષો પહેલાં પોતાની શોધખોળને અંગે એવું વિધાન કરેલ કે જૈન સાધુઓને અમુક સંજોગોમાં માંસ મત્સ્યનો આહાર કરવાની છૂટ હતી. જૈન શાસનના મૂળગત અહિંસાના સિદ્ધાન્ત સાથે આ વિધાનનો વિરોધ આવતો હોવાથી તે ત્યાજ્ય છે એમ અને એવી બીજી રીતે આ વિધાનના પ્રત્યુત્તરો અપાઇ ગયા છે, પરંતુ આ પુસ્તકમાં આપેલા પ્રત્યુત્તરમાં કંઇક અંશે અપૂર્વતા હોવાથી જૈનસમાજ અને આર્ય સંસ્કૃતિના અનુરાગી ભાઇઓને એ જરૂર આદરણીય થશે, એમ ધારી તેને પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

માંસ મત્સ્યાહારનો વિવાદ જનધર્મનાં જૂનાં ત્રણ સૂત્રોમાંથી મળી આવતાં અમુક વાકયો અને તેના અર્થ વૈવિધ્ય ઉપર અવલંબે છે. એ સૂત્રો આચારાંગ, દશવૈકાલિક અને ભગવતી સૂત્ર છે. સદરહુ સૂત્રોમાંથી પ્રસ્તુત ચર્ચાને ઉપયોગી વાકયો નીચે પ્રમાણે છે:–

(क) मंसं वा मच्छं वा भज्जिज्जमाणं पेहाए तेल्लपूययं वा...
[आचारांग. सूत्र ६१९]

(ख) बहु अट्ठियं मंसं वा, मच्छं वा बहुकंटकं, अस्सिं खलु पडिगाहितंसि............जाव णो पडिगाहेज्जा.
[आचारांग सूत्र ६२९]

(ग) णं परो बहुअट्ठिएण मंसेण मच्छेण उवणिमंतेज्जा... मंसगं मच्छगं भोच्चा अट्ठियाइं कंटए गहाय से त मायाए एगंत–मवक्कमेज्जा । [आचारांग सूत्र ६३०]

(घ) बहुअट्ठियं पुग्गलं, अणिमिसं वा बहुकंटयं ।
[दशवैकालिक सूत्र ७३]

(ङ) से अन्ने पारियासिए मज्जारकडए कुक्कुडमंसए तमाहराहि एएणं अट्ठो [भगवती सूत्र. श. १५]

આ વાકયો પૈકી પહેલા **क** વાકયનો પ્રસંગ એવો છે કે જ્યાં માંસ અને મત્સ્ય તળાતાં હોય, અને પૂરીઓ પણ તૈયાર થતી હોય તે ઘેર સાધુએ ઉતાવળે ઉતાવળે જઇ માગણી કરવી નહિ, પણ જો બીમાર સાધુ માટે વહોરવાનું હોય તો ત્યાં જવું. આ વાકયમાંથી એવો અર્થ થતોજ નથી કે સાધુએ માંસ અને મત્સ્ય માટે જવું. સાધુ પૂરીઓ માટે જઇ શકે અને સાધારણ પરિસ્થિતિમાં આવે ઘેરથી કાંઇ પણ ન લેતાં આપત્તિના સમયમાં ત્યાંથી પૂરીઓ લાવવામાં હરકત ન હોય. આવો અર્થ આ ખંડનો હોય એ તદન સ્વાભાવિક છે. આ કારણથી આ વાકય ઉપર જણાવેલ આક્ષેપને કોઇ અંશે પ્રતિપાદન કરી શકતું નથી.

(**ख** અને **ग**) આ ખંડમાં **बहुअट्ठियं मंसं वा मच्छं वा बहु-कंटगं** સાધુએ ભોજન માટે ન સ્વીકારવું એમ કહ્યું છે. અને તેના કારણમાં એમ બતાવ્યું છે કે આવી વસ્તુમાં ખાવા લાયક ભાગ થોડો અને નાખી દેવા લાયક ભાગ ઝાઝો હોય છે. તેજ વસ્તુનું પ્રતિપાદન આચારાંગના ૬૩૦ માં ખંડમાં વિસ્તારથી કર્યું છે. તેમાં કહ્યું છે કે જો કોઇ માણસ સાધુને **बहुअट्ठिएण मंसेण मच्छेण** માટે નિમંત્રણ આપે અને કહે કે "હે આયુષ્યમન્ શ્રમણજી, આપ **बहुअट्ठियं मंसं** સ્વીકારશો ?" ત્યારે શ્રમણે એ જવાબ દેવો કે "ભાઇ કે બેન, મને **बहुअट्ठियं मंसं** ન ખપે. જો દેવું હોય તો '**पोग्गलं**' નો ભાગજ આપો **अट्ठियाइं** નહીં." આમ કહે છતાં જો કોઇ માણસ સાધુના પાત્રમાં **बहुअट्ठियं मंसं** પરાણે નાખે તો તેને કંઇ કહ્યા વિના સાધુ એકાન્ત સ્થાને જઇ **मंसगं मच्छगं** ને જમી **अट्ठियाइं कंटए** કાઢી લઇ તેને અલગ મૂકી દે.

આ પ્રસંગમાં વપરાએલ શબ્દો (જેનો ઉપરના પેરેગ્રાફમાં તરજૂમો ન કરતાં તેને મૂળ માગધીમાંજ લખ્યા છે) ના અર્થ

ઉપર આ વિવાદ આધાર રાખે છે, માટે તેને સમજવા પ્રયત્ન કરીએ. **बहुअट्ठियं** સમાસમાં ઉત્તર પદ **अट्ठिय** છે, **अट्ठि** નહીં એ ચોખ્ખું જણાઇ આવે છે કેમકે **अट्ठियाइं** એમ એનો અસમાસી ઉપયોગ થએલ છે. **अट्ठि (सं. अस्थि)** એટલે હાડકું. **अट्ठिय (सं. अस्थिक)** એટલે હાડકા જેવું કઠણ. ઠળીઓ. આ અર્થો જેટલા સરળ છે તેટલાજ શાસ્ત્રીય છે એ દેખીતું છે. આમ **अट्ठिय** નો અર્થ ઠળીઓ છે તો **बहुअट्ठियं** નો અર્થ 'બહુ ઠળીઆવાળું'જ થાય; અને એ શબ્દ **मंसं** નું વિશેષણ હોઇ **मंसं** નો અર્થ આમિષ નહીં (કારણ કે તેમાં ઠળીઆનો સંભવ નથી) પણ 'ફળનો ગર્ભ'જ થાય, અને 'ફળનો ગર્ભ' એ **मंसं** શબ્દનો જૂનો અર્થ છે, એ પ્રતિપાદન કરવામાં રા. સા. મણિભાઇએ અનેક સચોટ પ્રમાણો આપ્યાં છે. આ પ્રમાણે **बहुअट्ठियं मंसं** નો અર્થ "બહુ ઠળીઆવાળો ફળનો ગર્ભ" એવો થાય.

હવે એજ વાકયમાં **मच्छं वा बहुकंटगं** શબ્દો આવે છે, તેનો અર્થ શો હોઇ શકે તે તપાસીએ. આ વાકય (**ख**) માં **वा** શબ્દ બે વખત વપરાયો છે. **वा** શબ્દ ના સંસ્કૃતમાં મુખ્ય બે અર્થો છે. (૧) વિકલ્પ. (૨) ઔપમ્ય. અને આ પુસ્તકના લેખક રા. સા. મણિભાઇએ આ બન્ને અર્થોનો ઉપયોગ કુશળતાથી કર્યો છે. વાકયનો અન્વય આ પ્રમાણે છે.

मच्छं वा बहुकंटगं वा बहुअट्ठियं मंसं (णो पडिगाहेज्जा) અને તેનો અર્થ નીચે પ્રમાણે આપ્યો છે.

"માછલાં જેવો બહુ કંટક (બહુ કઠણ ભાગવાળો) અથવા બહુ ઠળીયાવાળો ફળનો ગર્ભ" (ન સ્વીકારવો.) આમ પહેલા **वा** નો અર્થ ઔપમ્ય અને બીજા **वा** નો અર્થ વિકલ્પ ઘટાવવાથી, અને **मच्छं** અને **कंटगं** ના અર્થમાં ખાસ ફેરફાર કર્યા વગર રા. સા. મણિભાઇ જૈનશાસનના મૂળગત અહિંસાના સિદ્ધાન્તને અનુકૂળ

અર્થ આ વાક્યમાંથી લાવી શક્યા છે. આગળના વિદ્વાનોને આ અર્થ સૂઝ્યો નથી એ નવાઇ જેવું છે. **અને** તેથીજ આ અર્થ રા. સા. મણિલાલભાઇનોજ અને અપૂર્વ છે એ પ્રશંસાપાત્ર છે.

બાકીનાં આ ખંડનાં વાક્યોમાં કોઇ ઠેકાણે એક **વા** આવે છે, તો કોઇમાં એકે નથી આવતો, પણ એ બધાંનો અર્થ ઉપરોક્ત રીતેજ લુપ્તોપમાના ન્યાયથી કરવો સરળ છે એટલે એ બાબત ઉપર વિશેષ કહેવાનું રહેતું નથી.

(**घ**) દશવૈકાલિક વાળું વાક્ય તો આચારાંગના ધ્વનિરૂપજ છે એટલે તેનો અર્થ ઉપર જણાવેલ રીતે કરવામાં જરાય બાધ નથી. દશવૈકાલિકવાળા પાઠમાં **बहुअट्ठियं** અને **बहुकंटयं** શબ્દો આચારાંગનાજ છે. **अणिमिसं** (**सं. अनिमिष.** જે આંખના પલકારા ન મારે તેવું પ્રાણી) એ **मच्छं** નો માત્ર પર્યાય શબ્દ છે, જ્યારે **पुग्गलं** શબ્દ આચારાંગમાં ૬૩૦ મા ખંડમાં **मंसं** ના પર્યાય તરીકે વપરાએલ છે. એટલે અહિં પણ તે **मंसं** "ફળનો ગર્ભ" ના અર્થમાં લેવામાં જરાય સંકોચ રહેતો નથી.

આ પ્રમાણે આચારાંગ અને દશવૈકાલિક સૂત્રનાં બધાં વાક્યો ના અર્થ નિર્બાધ રીતે રા. સા. મણિલાલભાઇએ કરી બતાવ્યા છે.

(**ङ**) ભગવતીસૂત્રને લગતો ખુલાસો પણ આ સન્દર્ભમાં સંપૂર્ણ રીતે કર્યો છે, પરંતુ તેનો વિસ્તાર આચારાંગ અને દશ-વૈકાલિક જેટલો નથી કર્યો; કારણ કે ભગવતી સૂત્રવાળા પ્રસંગ અને વાક્યો વિષે ભૂતકાળમાં ઘણું લખાઇ અને કહેવાઇ ગયું છે, એટલે તે બધાનો સાર અત્રે દર્શાવી સંતોષ માન્યો છે.

ધર્મેન્દ્રસિંહજી કોલેજ.
રાજકોટ તા. ૧–૮–૩૯

ચં. નં. દવે.
એમ. એ; બી. ટી; પી. એચ. ડી.
(લંડન)

જૈન દર્શન અને માંસાહાર

જગતના સર્વ ધર્મોના સર્વમાન્ય સિદ્ધાંતો તો એક સરખા હોય છે, પણ દરેક ધર્મમાં અમુક અમુક સિદ્ધાંતો ખાસ વિશેષ રૂપે હોય છે, અને તે સિદ્ધાંતોની સ્થાપના, પ્રતિપાદન અને પાલના તે ધર્મમાં વિશેષ રૂપે કરવામાં આવેલ હોય છે. જૈન ધર્મના આવા ખાસ સિદ્ધાંતોમાં અહિંસા (દયા) સ્યાદ્‌વાદ તથા કર્મવાદ મુખ્ય હોવાથી તે ધર્મમાં તે સિદ્ધાંતોની છણાવટ અને પાલના વિશેષ રૂપે કરવામાં આવેલ છે.

"અહિંસા" એ જ જેનો મૂળભૂત મૌલિક સિદ્ધાંત છે એવા જૈન ધર્મના આગમ ગ્રંથોમાં (સૂત્રોમાં) અમુક અમુક સ્થળે અમુક શબ્દો આવતા જોઇ કેટલાકોને એવી શંકા થાય છે કે, જૈનધર્મમાં પ્રાચીન કાળમાં માંસભિક્ષા અને માંસાહાર પ્રચલિત હશે. પ્રાચીન કાળમાં પણ કોઇ કોઇને આવી શંકા થઇ હોય તેમ જણાય છે અને અર્વાચીન કાળમાં જર્મન વિદ્વાન્ હર્મન જેકોબી તથા પ્રો. હાર્નેલ જેવાઓને પણ આવી શંકા થઇ હતી અને તેઓએ તે વાત તેમના તરફથી પ્રસિદ્ધ થએલ આગમ સૂત્રોના અનુવાદમાં પ્રતિપાદન પણ કરી હતી. હાલમાં ફરી તેવી કુશંકા પુંજાભાઇ જૈન ગ્રંથમાળાના સમ્પાદક ભાઇ ગોપાળદાસ જીવાભાઇ પટેલને પણ થઇ અને તેમણે તે ગ્રંથમાળામાં તે વાત પ્રતિપાદન કરી, એટલું જ નહિ પણ જૈનધર્મના ચરમ તીર્થંકર ખુદ મહાવીર સ્વામીએ પણ માંસાહાર કરેલ હતો તેમ પ્રતિપાદન કરવા જાહેર ચર્ચા પણ ઉપાડી.

આવી શંકાઓ પ્રાચીનકાળમાં પણ કેટલાકોને થઇ છે. અને હાલમાં પશ્ચિમના વિદ્વાનોને તથા આપણા અંગ્રેજી ભણેલા ભાઇઓમાંના કેટલાકોને આવા અનુવાદો વાંચીને થાય છે. એટલે તે બાબત સમ્પૂર્ણપણે ચર્ચી તેની છણાવટ કરવાની ખાસ આવશ્યકતા છે. અગાઉ પણ આ વાત ચર્ચાએલી હતી અને અત્યારે પણ તેને લગતી ચર્ચાઓ થઇ રહી છે ત્યારે તે ચર્ચામાં હું મારો ફાળો ઉમેરવા આ લેખ લખી રહ્યો છું.

ધર્મને લગતા આવા મૌલિક સિદ્ધાંતોની ચર્ચામાં ઉતરવા પહેલાં આ નીચે જણાવેલી શરતો બન્ને પક્ષે અવશ્યમેવ સ્વીકારવી જોઇએ, અને જો તે સ્વીકારીને ચર્ચા કરીએ તો તે સિદ્ધાંતોના હાર્દને સમજી શકીએ તેમજ તેના આશયને પહોંચી શકીએ.

अ ધર્મના મૂળભૂત સિદ્ધાંતથી બાહ્ય દષ્ટિએ વિરૂદ્ધ જતી વિચારસરણીને વાંચકે અને વિચારકે એવી રીતે વિચારવી અને ઘટાવવી જોઇએ કે તે વિચારસરણી મૂળભૂત સિદ્ધાંતને ઘાતક નીવડવાને બદલે પોષક નીવડે તથા ટેકો આપે. ન્યાયનું આ સર્વમાન્ય સૂત્ર છે કે, "**व्याख्यानतो विशेष प्रतिपत्तिर्नहि सन्देहादलक्षणम्**" અર્થાત્ શાસ્ત્રના અર્થમાં જ્યાં સંશય ઉત્પન્ન થાય ત્યાં શિષ્ટ પુરુષો દ્વારા થએલ વ્યાખ્યાનથી વિશેષ અર્થનો નિશ્ચય કરવો જોઇએ. શાસ્ત્રમાં સંશય ઉત્પન્ન થવાથી તે અલક્ષણ થતું નથી એટલે કે તે શાસ્ત્ર અમાન્ય થતું નથી. વળી આ બાબતમાં મહર્ષિ મનુ કહે છે કે "**आर्ष संदधीत, न तु विघटयेत्**- મહર્ષિનાં વાકયોને સાંધી લેવાં પણ તોડવાં નહિ." ઉપનિષદો અને સ્મૃતિઓમાં વેદાંતથી વિરૂદ્ધ જતી ઘણી બાહ્ય વિસંગતિઓ જોઇને શ્રી શંકરાચાર્ય જેવા પ્રખર તાર્કિકે પોતાના બ્રહ્મસૂત્ર શાંકરભાષ્યમાં

" तस्मात्तदविरोधेन वेदान्ता व्याख्यातव्याः તેથી વેદાંતનો વિરોધ ન આવે તેવી તેની વ્યાખ્યા (નિર્ણય) કરવી " એ સૂત્ર આપેલું છે (નિર્ણયસાગર પ્રેસનું પ્રકાશન પૃ. ૩૪૬) આપણે પણ તેજ ન્યાયને અનુસરવું જોઇએ.

ब દરેક ધર્મપ્રવર્તકનાં જે અચળ અને શાશ્વત સિદ્ધાંત રૂપ વચનો છે તે તો ત્રણે કાળમાં એક સરખાં જ રહે છે તે સિવાયનાં બીજાં વચનો તે સમયના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને અનુલક્ષીને બોલાયેલ હોય અને લાંબા કાળ પછી તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ બદલી જતાં તે વચનો અત્યારના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને બરોબર બંધ બેસતા ન જણાય તેવે વખતે તેના મૂળભૂત સિદ્ધાંતોને લક્ષમાં રાખી તે વચનો સમજવાં અને તેના અર્થ ઘટાવવા, અને તેમ કરતાં જો અર્થ બરોબર ઘટી ન શકે તો તેટલી આપણી ઉણપ સમજી મૌન સેવવું, પણ મૂળભૂત સિદ્ધાંતને ઘાતક અર્થ તો નહિ જ કરવા જોઇએ. ગાંધીજી જેવી આદરણીય અને વિખ્યાત વ્યક્તિથી પણ ગીતાનું ભાષાંતર કરતાં તેના અમુક શ્લોકો તેના મૂળભૂત સિદ્ધાંતો સાથે ઘટાવી ન શકાણા ત્યારે ત્યાં આગળ તેમણે પોતાની ઉણપ કબૂલ કરી મૌન સેવ્યું છે; આપણે પણ તેમ જ વર્તવું જોઇએ.

क વળી આ વાત પણ આપણે ધ્યાનમાં રાખવી જોઇએ કે, તે વખતનાં પ્રાણી, વનસ્પતિ, વસ્તુઓ વગેરે અત્યારે કેટલીક મોજુદ હોય અને કેટલીક ન પણ હોય, તેમનાં તે વખતનાં નામો અત્યારનાં નામો સાથે બંધ બેસતાં હોય અને ન પણ હોય, તેમનાં ગુણદોષોમાં પણ લાંબા કાળના અંતરને લીધે ફેરફાર પણ જણાતો હોય, તેવે પ્રસંગે તે પ્રાણી, વસ્તુ અને વનસ્પતિના અર્થ

કરવામાં મૂળ પરૂપણાના કાળને તથા પ્રસંગને ધ્યાનમાં રાખી તેના મૂળ સિદ્ધાંતને ઉપકારક જણાય તેવો અર્થ કરવો જોઇએ.

આટલી હકીકત ધ્યાનમાં રાખી હવે આપણે મૂળ બાબતની ચર્ચા કરીએ.

પહેલાં તો જૈન આગમ સૂત્રોમાં આવી દેખીતી રીતે શંકાશીલ હકીકતો કયાં આવેલ છે અને કેવા સંજોગોમાં આવેલ છે તેનો વિચાર કરી પછી તેની ચર્ચા કરીએ.

આચારાંગ અને દશવૈકાલિક સૂત્રોના પિંડેષણા (પિંડ=આહારની, એષણા=દોષાદોષ નિરીક્ષણ) વાળા અધ્યયનમાં આવી હકીકત આવેલ છે, તથા **ભગવતી સૂત્રમાં** એક સ્થળે આવો ઉલ્લેખ મળી આવે છે. તે સિવાય બીજે સ્થળે જણાતો નથી.

પ્રાચીન કાળમાં એટલે પ્રભુ મહાવીરના વખતમાં વેદધર્મમાં યજ્ઞની અંદર પશુઓની આહુતિએ તથા આ પશુબલિદાનને લીધે માંસાહારે જનતામાં એટલું તો પ્રાબલ્ય મેળવ્યું હતું કે તે જોઇને પ્રભુ મહાવીર અને બુદ્ધ જેવાનો આત્મા કકળી ઉઠયો અને આ બન્ને મહાન વ્યક્તિઓએ તેની સામે પોતાનો પોકાર ઉઠાવ્યો અને અહિંસા એજ પરમધર્મ હોઇ શકે એવી ઉદ્દઘોષણા કરી.

પ્રભુ મહાવીરે પોતાના સાધુઓને ભિક્ષાચરી કરીને નિર્વાહ કરવાનું ફરમાવેલ હોવાથી આવા કાળની અંદર ગૃહસ્થને ઘેર ભિક્ષાચરી માટે જતાં ત્યાં તો ભક્ષ્ય અને અભક્ષ્ય બન્ને ચીજો હોય તો તેવે પ્રસંગે સાધુએ કેમ વર્તવું તે બતાવવા પૂરતો જ ઉલ્લેખ છે. અને ત્યાં આવા શબ્દો શાસ્ત્રકારે વાપરેલ છે. આ શબ્દો જ આ ભ્રમ પેદા કરવાના કારણરૂપ છે. હવે આપણે આવા દરેક પ્રસંગનું સવિસ્તાર વિવેચન કરીએ.

જૈન સૂત્રોમાં આવી શંકાશીલ હકીકત મુખ્યત્વે ત્રણ સ્થળે આવેલી છે.

૧ **આચારાંગ સૂત્રના** બીજા શ્રુતસ્કંધના પિંડેસણા નામના અધ્યયનમાં **मंस** અને **मच्छ** ને લગતી હકીકત આવે છે. તે બાબત.

૨ **દશવૈકાલિક સૂત્રના** પાંચમા પિંડેસણા નામના અધ્યયનમાં **पुग्गलं** તથા **अणिमिसं** ને લગતી હકીક્ત આવે છે તે અને,

૩ **ભગવતી સૂત્રના** ૧૫મા શતકમાં ભગવાન મહાવીર અને ગોશાલકનો પ્રસંગ આવે છે તે પ્રસંગે **दुवे कवोयसरीरा** તથા **मज्जारकडए कुक्कुडमंसए** ને લગતી હકીકત આવે છે તે બાબત.

ઉપર જણાવેલી ત્રણ બાબતો સૂત્રોમાં આવેલી જોઇ અને તે સૂત્રોના અમુક ટીકાકારોએ કરેલા અર્થોને પૂરેપૂરા સમજણ પૂર્વક વાંચ્યા વગર જેમણે પરંપરા કે ગુરુગમ વગર પુસ્તકો દ્વારા જ જ્ઞાન મેળવેલું હોય છે તેવાઓને આ શંકા ઉદ્દ્ભવે છે.

પ્રથમ તો **આચારાંગ** અને **દશવૈકાલિક** જેવા સાધુના આચારને લગતા પ્રમાણભૂત અને સર્વમાન્ય સૂત્રોની અંદર આને લગતી જે વાત આવેલ છે તેની ચર્ચા આપણે કરીએ.

આચારાંગ સૂત્ર.

આચારાંગ સૂત્રના દ્વિતીય શ્રુતસ્કંધના પિંડેસણા નામના અધ્યયનમાં ખાસ વિવાદગ્રસ્ત આ ત્રણ સૂત્રો છે.

से भिक्खू वा (२) सेज्जं पुण जाणेज्जा, बहु अट्ठियं मंसं वा, मच्छं वा बहुकंटगं; –अस्सिं खलु पडिगाहितंसि

अप्पे सिया भोयणजाए, बहु उज्झियधम्मिए तहप्पगारं बहु अट्ठियं मंसं मच्छं वा बहुकंटगं लाभे संते जाव णो पडिगाहेज्जा। (६२९)

से भिक्खू वा (२) जाव समाणे सिया णं परो बहुअट्ठिएण मंसेण मच्छेण उवणिमंतेज्जा "आउसंतो समणा, अभिकंखसि बहु अट्ठियं मंसं पडिगाहेत्तए?" एयप्पगारं णिग्धोसं सोच्चा णिसम्म से पुव्वामेव आलोएज्जा, "आउसो-त्ति वा भइणित्ति वा, णो खलु मे कप्पइ से बहु अट्ठियं मंसं पडिगाहेत्तए। अभिकंखसि मे दाउं, जावइयं तावइयं पोग्गलं दलयाहि, मा अट्ठियाइं।" से सेवं वदं-तस्स परो अभिहट्टु अंतो पडिग्गहगंसि बहु अट्ठियं मंसं परिभाएत्ता णिहट्टु दलएज्जा; तहप्पगारं पडिग्गहगं पर-हत्थंसि वा परपायंसि वा अफासुयं अणेसणिज्जं लाभे संते जाव णो पडिगाहेज्जा। से आहच्च पडिगाहिए सिया, तं णो "हि" त्ति वएज्जा, णो "अणहि" त्ति वएज्जा सेत्त मायाए एगंत-मवक्कमेज्जा, (२) अहे आरामंसिवा अहे उवस्सयंसि वा अप्पंडए जाव अप्पसंताणए मंसगं मच्छगं भोच्चा अट्ठियाइं कंटए गहाय से त मायाए एगंत-मवक्क-मेज्जा। अहे ज्झामथंडिलंसि वा जाव पमज्जिय (२) परिट्ठवेज्जा। (६३०)

से भिक्खू वा (२) जाव समाणे से ज्जं पुण जाणेज्जा मंसं वा मच्छं वा भज्जिज्जमाणं पेहाए तेल्लपूययं वा आएसाए उवक्खडिज्जमाणं पेहाए णो खद्धं खद्धं उवसंक-मित्तु ओभासेज्जा। णन्नत्थ गिलाणणीसाए। (६१९)

(આચારાંગ સૂત્ર પ્રો. રવજી દેવરાજવાળું પાનું ૧૩૪-૧૩૫-૧૩૧)

ઉપર જણાવેલ સૂત્રોમાં મુખ્ય વાંધાવાળી હકીકત તો **"बहु अट्ठियं मंसं वा, मच्छं वा बहुकंटगं"** તથા **मंसगं मच्छगं भोच्चा अट्ठियाइं कंटए गहाय.........परिट्ठवेज्जा।** આ બે છે, અને તેનો અર્થ જૈનધર્મના મૌલિક અહિંસાના સિદ્ધાંતને બંધ બેસતો થઇ શકે તો પછી તે આખા પ્રસંગનો અર્થ તે પ્રમાણે ઘટાવી શકાય અને જો તેમ ઘટાવી શકાય તો જૈનધર્મના સાધુઓ માંસાહાર કરતા એવી જે કુશંકા ઉભી થાય છે તે દૂર થાય.

પહેલાં તો આ દરેક શબ્દે શબ્દનો પૃથક્ પૃથક્ અર્થ કરીએ, અને તે શબ્દોના જે અર્થ અહીંયા કરવામાં આવે તે અર્થના સમર્થનમાં શબ્દકોષનાં કે સિદ્ધાંતનાં જે પ્રમાણો હોય તે સાથે સાથે આપીએ અને પછી તેનો પૂરો અર્થ કરી તે આખા પ્રસંગને ઘટાવીએ.

बहु = ઘણા, ઝાઝા.
अट्ठियं = ઠળીયા, ગોટલી.
मंसं = ફળનો ગર, ગીર, નરમ ભાગ.
वा = અને, અથવા.
मच्छं = માછલું.
वा=પેઠે, જેમ, **इव**ના અર્થમાં.
बहु = ઘણા, ઝાઝા.
कंटगं = કાંટા, કઠણ ભાગ.

ઉપર દરેક શબ્દોના જે અર્થો કરવામાં આવ્યા છે તેનાં પ્રમાણો હવે આપીએ.

बहु = ઘણા, ઝાઝા એ અર્થ સર્વમાન્ય છે.

अस्थि (संस्कृत) = ૧. A bone હાડકું ૨. The kernel or a stone of a fruit. ગોટલી, ઠળીયો.

(આપ્ટેકૃત સં. અં. ડીક્ષનેરી પાનું ૧૦૩)

સંસ્કૃત ભાષાના આ **अस्थि** શબ્દ ઉપરથી માગધી ભાષામાં બે શબ્દો આવેલા છે. ૧ **अट्ठि** ૨ **अट्ठिअं**.

अट्ठि = હાડકું (જૈનાગમ શબ્દ સંગ્રહ પાનું ૩૬)

अट्ठिअं = ગોટલી, ઠળીયો (જૈનાગમ શબ્દ સંગ્રહ પાનું ૩૬)

अट्ठि એટલે હાડકું અને **अट्ठिअं** એટલે ઠળીયો એવા અર્થમાં સૂત્રોમાં તે શબ્દો વપરાએલા છે તે નીચે પ્રમાણે.

अट्ठि = હાડકું.

૧ ભગવતીજી સૂત્ર શતક ૨જું ઉદ્દેશો ૫ મો તુંગીયા નગરીના શ્રાવક કેવા છે તે બાબત શાસ્ત્રકાર કહે છે કે, **अट्ठि मिञ्ज पेमाणुरागरत्ता** હાડ હાડની મિજાઓ જેની ધર્મ ઉપર પ્રેમરૂપી રાગે કરીને રંગાયેલ છે.

૨ જ્ઞાતાજી સૂત્ર અધ્યયન પહેલું
મેઘકુમારનું શરીર કેવું છે તો **अट्ठि चम्मा वणद्धे** (લોહી માંસ રહિત) હાડકાં તથા ચામડીથી બદ્ધ.

૩ ઠાણાંગાજી સૂત્ર, ત્રીજે ઠાણે ચોથો ઉદ્દેશો.
तओ पितियंगा पन्नता तं० अट्ठि मिञ्जा केस मंसुरोम नहे હાડકાં, હાડકાંની મજ્જા તથા કેશાદિક એ ત્રણ બાપના અંગ કહ્યાં છે.

૪ ઠાણાંગજી દશમે ઠાણે દશ પ્રકારની ઔદારિકની અસજ્ઝાય કહી છે ત્યાં **अट्ठि, मंसे, सोणिए** ઇત્યાદિ. હાડકાં, માંસ, લોહી વગેરે.

अट्ठिअं = ઠળીયા,

૧ પન્નવણાજી સૂત્ર વનસ્પતિનો અધિકાર

फलं दुविहा पन्नता तं० एगट्ठिया (एग + अट्ठिया) बहुबीया.

૨ જીવાભિગમ સૂત્ર (બાબૂજીવાળું પાનું ૪૫)

रुक्खा दुविहा पन्नता तं० एगट्ठिया य बहुबीया य.

૩ આચારાંગજી સૂત્ર (પ્રો. રવજી દેવરાજવાળું સૂત્ર ૫૯૯)

सअट्ठियं सकणुयं सबीयगं.

૪ દશવૈકાલિક સૂત્ર (પંજાબી ઉપાધ્યાય આત્મારામજી મહારાજ કૃત પાનું ૩૮૨) પાંચમું પિંડેસણા અધ્યયન ગાથા ૮૪.

तत्थ से भुंजमाणस्स, अट्ठिअं कंटओ सिया ।
तणकट्ठ सक्करं वावि, अन्नं वावि तहाविहं ॥ ८४ ॥

ઉપર જે **अट्ठिअं** શબ્દ માટે સૂત્રોના ચાર દાખલાઓ આપેલા છે તેમાંનો ત્રીજો અને ચોથો દાખલો તો આચારાંગ અને દશવૈકાલિક સૂત્રોનો છે અને તે પણ વિવાદવાળા પિંડેસણા નામના અધ્યયન માંહેનો જ છે. અને ત્યાં તેનો અર્થ દરેક આચાર્યોએ તથા ટીકાકારોએ **ઠળીયો** એમ કરેલ છે. એટલે **अट्ठिअं** શબ્દ ઠળીયાના અર્થમાં આગમ ગ્રંથોમાં વપરાયેલ છે એમ જરૂર સિદ્ધ થાય છે.

मांस (સંસ્કૃત) = १ Flesh. સ્નાયુનો લોચો.
२ The flesh of fish માછલાના સ્નાયુનો લોચો.
૩ The fleshy part of a fruit. ફળનો ગર, ગીર અથવા નરમ ભાગ.
(આપ્ટેકૃત સં. અં. ડીક્ષનેરી પાનું ૭૫૩)

સંસ્કૃત ભાષાના આ **मांस** શબ્દ ઉપરથી માગધી ભાષામાં **मंस** શબ્દ બન્યો છે.

मंस (માગધી) = ૧ માંસ, પરમાટી. ૨ ફળનો ગર, નરમ ભાગ.

(પાઇઅ-સદ્-મહણ્ણવો પાનું ૮૨૪ અને ૧૨૭૪.)

मंस એટલે ફળનો ગર, ગીર એ અર્થમાં સૂત્રમાં વપરાયેલ છે તે નીચે પ્રમાણે.

પન્નવણાજી સૂત્ર (હૈદ્રાબાદવાળું પા. ૫૧ મે)
વનસ્પતિકાયના અધિકારમાં ૧૨ મી ગાથા.

बिंट मंसकडाहं एयाइ हवंति एग जीवस्स;
पत्तेय पत्ताइसं, केसर मकेसर मिजा. ॥ १२ ॥

એ આખા અધિકારમાં ફળના નરમ ભાગ-ગરને "**मंस**" શબ્દથી જ સંબોધેલ છે. ફળના નરમ ભાગ માટે આ સિવાય બીજા શબ્દો વાપરેલા હોય તેમ જણાતું નથી. માગધી કે સંસ્કૃત ભાષામાં ફળના ગર એટલે નરમ ભાગને પ્રાણીના સ્નાયુના લોચાના નામ પ્રમાણેજ સંબોધેલ છે, એટલું જ નહિ પણ અંગ્રેજી ભાષામાં, અંગ્રેજી વનસ્પતિ શાસ્ત્ર (Botany) માં તેમજ વૈદ્યક શાસ્ત્રમાં પણ તેવીજ રીતે સંબોધેલ છે.

અંગ્રેજી ભાષામાં.

Flesh. એટલે માંસ તે શબ્દના અર્થ નીચે પ્રમાણે થાય છે.

(1) The muscular part of an animal. પ્રાણીના સ્નાયુઓ.

(2) Soft pulpy substance of fruit. ફળનો નરમ ભાગ, ગર.

(3) That part of a root, fruit &c. which is fit to be eaten. કંદ, ફળ વગેરેમાં જે ભાગ ખાઇ શકાય છે તે ભાગ.

(English Dictionary by J. Ogilvie. L. L. D. page 292)

અંગ્રેજી વનસ્પતિ શાસ્ત્રમાં.

ફળના નરમ ભાગ-ગરને The fleshy part of a fruit એમ કહેલ છે.

વૈદ્યક શાસ્ત્રમાં.

વૈદ્યક શાસ્ત્રના પ્રમાણરૂપ ગણાતા 'ભાવ પ્રકાશ'માં આ બાબતને લગતો નીચે પ્રમાણે સ્પષ્ટ ઉલ્લેખ છે. "જેમ ગર્ભમાં **અસ્થિ, માંસ** વગેરે હોય છે, તેમ વનસ્પતિના ફળમાં પણ **અસ્થિ, માંસ** વગેરે હોય છે. જેમ આંબાના નાના ફળમાં **માંસ, ઠળીયો,** મજ્જા, છાલ, કેસર, અંકુર અને બીટીયું એકી વખતે ઉત્પન્ન થાય છે પણ ઝીણામાં ઝીણાં હોવાને લીધે દેખાતાં નથી પણ જ્યારે પુષ્ટ થાય છે ત્યારે સ્ફુટ દેખાય છે તેમ મનુષ્યના ગર્ભમાં સર્વ અવયવો એકી વખતે ઉત્પન્ન થાય છે, પણ ઝીણામાં ઝીણા હોવાને લીધે દેખાતા નથી જ્યારે મોટા થાય છે ત્યારે જ દેખાય છે."

(ભાવ પ્રકાશ ભાષાંતર પ્રથમ ખંડ પા. ૧૫૦)

વળી 'સુશ્રુતસંહિતા'માં પૃ. ૩૨૭ મે બિજોરાના ગુણનું વર્ણન કરતાં બિજોરાના 'ગર'ને માટે **માંસ** શબ્દ વાપરેલ છે.

त्वक् तिक्ता दुर्जरा तस्य वात कृमि कफापहा ।
स्वादु शीतं गुरु स्निग्धं मासं मारुतपित्तजित् ॥

ઉપર જણાવ્યા પ્રમાણે **अस्थि** અને **માંસ** શબ્દ પ્રાણી તથા વનસ્પતિ બન્ને શાસ્ત્રોમાં સરખા અર્થોમાં વપરાયેલ છે. શાસ્ત્રકારોએ પ્રાણી કે તેના અમુક ભાગને અમુક નામથી સંબોધ્યા પછી તેવાંજ લક્ષણ, રૂપ કે ગુણ વાળી વનસ્પતિ કે તેના તેવા ભાગને સંબોધવાનો પ્રસંગ આવ્યો ત્યારે તેઓએ નવો શબ્દ નહિ યોજતાં સમજણ-પૂર્વક તેજ શબ્દો વનસ્પતિ માટે પણ વાપરેલા છે, કારણ કે તોજ કહેવાનો આશય બરોબર સાચવી શકાય અને સમજાવી શકાય. સંસ્કૃત કે માગધી ભાષામાં આમ સમાન લક્ષણ, ગુણ કે રૂપ ઉપરથી એકજ શબ્દ જૂદે જૂદે સ્થળે વપરાયેલ છે એમ નહિ, કિન્તુ દરેક ભાષામાં તે પ્રમાણે ઉપયોગ થયેલો છે. દષ્ટાંત તરીકે;–

Stone=પત્થર તે ઉપરથી 1 Stone of a mango
કેરીની ગોટલી.
2 Stone in bladder
પથરી અથવા પાણવી.

Skeleton=હાડકાંનું પિંજર, હાડપિંજર તે ઉપરથી
1 Skeleton of a leaf નસાજાળ.
2 Skeleton of a Building
મકાનનું ખોખું.

ગર્ભ = સ્ત્રીનો ગર્ભ. તે ઉપરથી ફળનો ગર, રોટલાનો ગરભ.

મત્સ્ય = માછલું. તે ઉપરથી મત્સ્યગંધા, મત્સ્યાક્ષી, મત્સ્યંડી.

મત્સ્યગંધા = ૧ માછલાના જેવી ગંધ છે જેની તેવી સ્ત્રી, ૨ જળપીપર.

મત્સ્યાક્ષી = ૧ માછલાના જેવી આંખો છે જેની તેવી સ્ત્રી, ૨ એક જાતની ધ્રો.

મત્સ્યંડી = ૧ માછલાનાં ઇંડાં, ૨ માછલાનાં ઇંડાં જેવો જેનો રંગ અને આકાર છે તે એટલે ખાંડ.

કાંટો = કંટક, શૂળ. તે ઉપરથી તોળવાનો કાંટો, ઘડીયાળનો કાંટો.

આ ઉપરથી એટલું જરૂર સિદ્ધ થાય છે કે **मंस** શબ્દ જેમ પ્રાણીના સ્નાયુના લોચા માટે વપરાય છે તેમ ફળના ગર, ગીરને માટે પણ વપરાય છે. અને તે યથાર્થ છે.

वा = ૧ અને ૨ અથવા. આ અર્થ સર્વમાન્ય છે.

मच्छं = માછલું. આ અર્થ પણ સર્વમાન્ય છે.

वा = ૧ સમુચ્ચય, ૨ માફક, પેઠે, જેમ, **इव**ના અર્થમાં. (આપ્ટેકૃત સં. અં. ડીક્ષનેરી પા. ૮૩૯) (જૈનાગમ શબ્દ સંગ્રહ પાનું ૬૮૦) (અમરકોષ પા. ૨૮૮ શ્લોક ૨૪૮) **वा** શબ્દનો પહેલો અર્થ સમુચ્ચય તે સૂત્રમાં ૧૪ સ્થાનકના સમૂર્ચ્છિમ મનુષ્યોના નામોની પાછળ વપરાયેલ છે **उच्चारेसु वा, पासवणेसु वा.**

બીજો અર્થ માફક, પેઠે, જેમ, **इव** ના અર્થમાં સૂત્રમાં નીચે પ્રમાણે વપરાયેલ છે.

૧ ઉત્તરાધ્યયનજી સૂત્ર ૧૪ મું અધ્યયન ૪૧ મી ગાથા.

नाहं रमे पक्खिणि पञ्जरे वा

૨ સૂયગડાંગ સૂત્ર છઠ્ઠું અધ્યયન.

रुक्खेसु वा, गंधेसु वा, पुप्फेसु वा, नागेसु वा.

मच्छं वा = માછલાની પેઠે, માછલાની જેમ.

बहु = ઘણા, ઝાઝા. આ અર્થ સર્વમાન્ય છે.

कंटक (સંસ્કૃત) = ૧ A thorn કાંટો. ૨ A fish-bone માછલાનો કાંટો.

સંસ્કૃત ભાષાના આ **कंटक** શબ્દ ઉપરથી માગધી ભાષામાં **कंटक, कंटग** તથા **कंटय** એ ત્રણ શબ્દો આવેલા છે.

कंटक / **कंटग** / **कंटय** = કાંટા અથવા કઠણ ભાગ (જૈનાગમ શબ્દ સંગ્રહ પાનું ૨૨૧) (પાઇઅ-સદ્દ-મહણ્ણવો પાનું ૨૬૪)

હવે તે પદનું પદચ્છેદ કરી ઉપર જણાવેલા અર્થો પ્રમાણે તેનો અર્થ કરીએ.

बहु अट्ठियं मंसं वा, मच्छं वा बहुकंटगं.

આ પદમાં **मंस** એ નામ છે અને **बहु अट्ठियं**, તથા **बहु कंटगं** એ બે **मंस**ના વિશેષણો છે. અને **मच्छं वा** એ **बहुकंटगं** જે વિશેષણ છે તેનું દષ્ટાંત તરીકે ઉપમાન વિશેષણ છે. ઉપર પ્રમાણે લેતાં તે પદનો અર્થ નીચે પ્રમાણે થાય.

"ફળનો ગર (ગીર અથવા નરમ ભાગ) કે જેમાં ઘણા ઠળીયા છે અથવા માછલાની પેઠે જેમાં ઘણા કાંટા અથવા કઠણ ભાગ છે." અને આ અર્થ સ્વીકારીએ તો વિવાદવાળા સૂત્ર ૬૨૯ નો અર્થ નીચે પ્રમાણે થાય.

"હે ભિક્ષુ કે ભિક્ષુણી! વળી એટલું પણ જાણજો કે, જે ફળના ગરમાં ઘણા ઠળીયા હોય અથવા માછલાની પેઠે જેમાં ઘણા કાંટા એટલે કઠણ ભાગ હોય એવો આહાર મળે તો તેમાં ખાવા લાયક ભાગ થોડો અને ફેંકી દેવા લાયક ભાગ ઘણો છે એમ જાણી તે ગ્રહણ કરવો નહિ."

ઉપરના ૬૨૯મા સૂત્રમાં વર્ણવેલો આહાર અચેત, ફ્રાસુક (નિર્દોષ) તથા એષણિક છે પણ તેમાં ખાવા લાયક ભાગ થોડો અને ફેંકી દેવા લાયક ભાગ ઘણો હોવાને લીધે તેવો આહાર લેવાથી પશ્ચાત્ દોષ લાગે તે કારણે તેને અપ્રાસુક ગણી નહિ લેવાની આજ્ઞા શાસ્ત્રકારે આપી છે, પરંતુ તે આહાર અચેત, ફ્રાસુક અને એષણિક હોવાથી કોઇ દાતાર બહુજ આગ્રહપૂર્વક તેવો આહાર આપવા માગે અને સાધુએ ના કહેવા છતાં દાતાર સાધુના પાત્રમાં તે આહાર નાખી દે તો તેવે પ્રસંગે સાધુએ કેમ વર્તવું તથા તે આહારનું શું કરવું તે વિધિ આ ૬૩૦ મા સૂત્રમાં વર્ણવેલ છે.

હવે આપણે ૬૩૦મા સૂત્રનો અર્થ કરીએ.

આ સૂત્ર ઉપરના ૬૨૯મા સૂત્રના અનુસંધાનમાં જ આવેલું છે અને તે બન્ને સૂત્રોમાં વાંધા વાળા શબ્દો તો એજ છે. અને તે શબ્દોનો શબ્દાર્થ ઉપર કરેલ હોવાથી હવે ફરી કરવા આવશ્યકતા રહેતી નથી, પણ તે શબ્દોને જે રીતે આ સૂત્રમાં

મૂકવામાં આવેલ છે, તેને લગતો થોડો ખુલાસો કરવાની જરૂર છે તે કરીને પછી આપણે તે આખા સૂત્રનો અર્થ કરીશું.

આ સૂત્રની અંદર વાંધા વાળા શબ્દો જેની નીચે લીટી દોરેલ છે તે નીચે પ્રમાણે મૂકવામાં આવેલ છે.

बहु अट्ठिएण मंसेण मच्छेण उवणिमंतेज्जा 'आउसंतो समणा, अभिकंखसि बहु अट्ठियं मंसं पडिगाहेतए ?'

ઉપરના ૬૨૯ મા સૂત્રના અનુસંધાનમાં આ સૂત્ર હોવાથી **मंस**નું જે વિસ્તારથી સ્વરૂપ તે સૂત્રમાં વર્ણવેલ છે તે આમાં નહિ વર્ણવતાં ફક્ત **बहुअट्ठिएण मंसेण मच्छेण** એટલા શબ્દો શાસ્ત્રકાર વાપરે છે. અહીંયા શંકા એ થાય કે, ઉપરના ૬૨૯ મા સૂત્રમાં તો **मच्छं** પછી આવતા **वा** શબ્દને **इव** ના અર્થમાં લઇ **मच्छं वा** એટલે માછલાની પેઠે એમ અર્થ ઘટાવ્યો પણ અહીંયાં **मच्छेण** જ શબ્દ છે તેના પછી **वा** શબ્દ નથી તો તે માછલાની પેઠે એમ કેમ ઘટાવી શકાય ? આ શંકાનું સમાધાન એટલું કે ઉપરના સૂત્રમાં વિસ્તારથી વર્ણન કરેલ હોવાથી અને તે સૂત્રના અનુસંધાનમાં જ આ સૂત્ર હોવાથી અહિંયાં ફરી વર્ણન કરવા જરૂર રહેતી નથી. એટલે શાસ્ત્રકારે ટુંકમાં જ **मच्छेण** શબ્દ વાપરેલ છે. તથા શબ્દના અંતમાં આવી રીતે **वा** ન લીધેલ હોય તો પણ તે લઇ શકાય છે તેવો વ્યાકરણનો નિયમ પણ છે. **पुर्वत्रासिद्धम्** નામના સૂત્ર ઉપરના ભાષ્યમાં મહા ભાષ્યકાર પતંજલિ કહે છે કે– **अंतरेणापि वतिम् तदर्थो गम्यते यथा अब्रह्मदत्तं ब्रह्मदत्तमीत्याह तेन गम्यते ब्रह्मदत्त वदयमभवतीति.**

શબ્દ કે પદને છેડે "**वा**" ન વાપરેલો હોય છતાં પણ લઈ શકાય છે. જેમકે, **આ બ્રહ્મદત્ત છે** એટલે ખરેખરો બ્રહ્મદત્ત

નથી, પરંતુ બ્રહ્મદત્ત જેવો છે. અહિં બ્રહ્મદત્ત પછી **वा** શબ્દ નહિ વાપરેલ હોવા છતાં વ્યાકરણના ઉપરના નિયમ પ્રમાણે **वा** લઇ શકાય છે. તેમ **मच्छेण** શબ્દ પછી **वा** શબ્દ નહિ આવેલ હોવા છતાં તે લઇ શકાય છે, તેમ લઇએ તો **बहुअट्ठिएण मंसेण मच्छेण उवणिमंतेज्जा "आउसंतो समणा, बहुअट्ठियं मंसं पडिगाहेत्तए"?** એ સૂત્રનો અર્થ નીચે પ્રમાણે થાય.

હે આયુષ્યમન્ શ્રમણ! બહુ ઠળીયાવાળો અથવા માછલાંની પેઠે બહુ કઠણ ભાગ વાળો ફળનો ગર છે તે તમે ગ્રહણ કરશો?

અહીંયાં એ પણ ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે, શાસ્ત્રકાર **बहुअट्ठिएण** શબ્દ **मंसेण** ના વિશેષણ તરીકે વાપરે છે આ **अट्ठिएण** શબ્દ **अट्ठिअ** શબ્દની ત્રીજી વિભક્તિના એકવચનનું રૂપ છે નહિ કે **अट्ठि** શબ્દનું અને **अट्ठिअ** એટલે ઠળીયો એમ આપણે ઉપર સિદ્ધ કરેલ છે એટલે અહીંયાં પણ **बहुअट्ठिएण मंसेण** એટલે બહુ ઠળીયાવાળો ફળનો ગર એમ અવશ્ય સિદ્ધ થાય છે.

બીજો ખુલાસો:— તે આહારનો ઉપભોગ કરતી વખતે **मंसगं मच्छगं भोच्चा अट्ठियाइं कंटए गहाय............ परिट्ठवेज्जा** એમ જે શાસ્ત્રકાર કહે છે તેને લગતો કરવાની જરૂર છે તે કરી પછી આપણે આખા સૂત્રનો અર્થ કરીએ. દાતાર જ્યારે નિમંત્રણ કરે છે ત્યારે **मंसेण मच्छेण** શબ્દ વાપરે છે અને ખાવાની આજ્ઞા આપી છે ત્યારે **मंसगं मच्छगं** શબ્દો વાપરેલા છે. અહીંયાં **मंस** તથા **मच्छ** શબ્દો નહિ વાપરતાં તે શબ્દને **ग** પ્રત્યય લગાડેલ છે તે શા માટે? અને તે શું સૂચવે છે? આ **क** પ્રત્યય ઉપરથી થયેલ **ग** પ્રત્યય પ્રતિકૃતિ કે સ્વરૂપના અર્થમાં વપરાયેલ છે. એટલે કે, હાડકાવાળા માંસમાં તથા કાંટાવાળા માછલાંમાં જેમ ખાવા લાયક ભાગ માંસ હોય છે અને

ફેંકી દેવા લાયક ભાગ હાડકાં તથા કાંટા હોય છે તેમ આ ફળના ગરની અંદર જે ખાવા લાયક ભાગ માંસ રૂપે **ગર** છે તે ખાઇને તથા ફેંકી દેવા લાયક ભાગ કાંટા રૂપે જે ઠળીયા તથા કઠણ ભાગ છે તે ફેંકી દે. એમ શાસ્ત્રકારનું સૂચન છે. શાસ્ત્રકારને આમ કહેવાનું પ્રયોજન એટલુંજ કે સાધુજીએ તો ફકત **पुग्गलं** (ગર) નીજ માગણી કરી હતી, પરંતુ દાતારે ઠળીયા તથા કઠણ ભાગ મિશ્રિત ગર તેના પાત્રમાં નાખી દીધો તો તેનું હવે શું કરવું તે શંકા સાધુને અવશ્ય થાય તેના ખુલાસા રૂપે ઉપર પ્રમાણે ગર ખાવાનું અને ઠળીયા તથા કઠણ ભાગ પરઠવાનું–ફેંકવાનું શાસ્ત્રકાર ફરમાવે છે. અહીંયાં **भोच्चा** શબ્દનો અર્થ બાહ્ય પરિભોગ કરીને એમ નહિ લેતાં તેનો પ્રચલિત અર્થ 'ખાઇને' એમ લેવામાં આવેલ છે.

ત્રીજો ખુલાસો:— જે પદાર્થનો થોડો ભાગ ઉપયોગમાં આવી શકતો હોય અને મોટો ભાગ ત્યાજ્ય હોય અને તે બન્ને ભાગોનો સંબંધ અવિનાભાવી સંબંધ ન હોય, પરંતુ સંયોગી સંબંધ અગર તો નાન્તરીયક સંબંધ હોય, તેવા પદાર્થ તરીકે મત્સ્ય (માછલાં) નું ઉદાહરણ પ્રાચીન સંસ્કૃત સાહિત્યના પ્રખર વિદ્વાન પુરૂષોએ આપેલ છે. પતંજલિ કૃત 'મહાભાષ્યમાં' ભાષ્યકાર આ પ્રમાણે ઉદાહરણ આપે છે.

कश्चित् मांसार्थी मत्स्यान् सशकलान् सकण्टकान् आहरति नान्तरीयकत्वात् स यावदादेयं तावदादाय शकलकण्टकानि उत्सृजति. ॥ (૪-૧-૯૨)

તેમજ એમના પછી ઓછામાં ઓછા ૯૦૦ વર્ષ બાદ થએલા વાચસ્પતિ મિશ્ર પણ 'ન્યાય સૂત્ર' ઉપરની તેમની 'તાત્પર્ય મીમાંસા' નામની ટીકામાં આજ ઉદાહરણનો પ્રયોગ કરે છે.

तस्मात्मांसार्थीव कण्टकान् उद्धृत्य मांसमश्नन्नानर्थं कण्टकजन्यमाप्नोतीत्येवं प्रेक्षापान् दुःखमुद्धृत्येन्द्रियादिसातं सुखं भोक्ष्यते. ॥ (૪-૧-૫૪).

આ ઉપરથી એમ સ્પષ્ટ સમજાય છે કે આ મત્સ્ય (માછલાં)નું ઉદાહરણ તે વખતના કાળમાં કહેવત રૂપ (Proverbial) થઇ પડેલું હોવું જોઇએ અને તેથીજ જૈન વાઙ્મયમાં જૈન શાસ્ત્રકારોએ પણ આચારાંગ તથા દશવૈકાલિક સૂત્રની આ વિવાદવાળી ગાથાઓમાં તેજ મત્સ્યના ઉદાહરણનો પ્રયોગ કરેલ છે.

ચોથો ખુલાસો:— આ બન્ને ૬૨૯ અને ૬૩૦મા સૂત્રોમાં જે શબ્દો વપરાએલ છે તે અલંકારિક અર્થમાં ઉદાહરણ રૂપમાં વપરાએલ છે. ગૃહસ્થ જ્યારે નિમંત્રણ કરે છે ત્યારે કહે છે કે **बहुअट्ठियं मंसं पडिगाहेत्तए ?** ત્યારે સાધુજી તેનાજ અલંકારિક શબ્દોમાં જવાબ આપે છે કે **णो खलु मे कप्पइ से बहुअट्ठियं मंसं पडिगाहेत्तए.** મને તેવું લેવું કલ્પે નહિ. હવે જો ગૃહસ્થે ખરેખર માંસ (flesh)જ આપવા માંડ્યું હોત તો સાધુજી એમજ કહેત કે એ મને નહિ જોઇએ, કેમકે હું માંસાહારી નથી. પરંતુ આમ ન કહેતાં તેઓ એમ કહે છે કે **अभिकंखसि मे दाउं. जावइयं तावइयं पोग्गलं दलयाहि, मा अट्ठियाइं.**"

અહીં એ વાત તરફ ખાસ ધ્યાન ખેંચવું ઉચિત જણાય છે કે ગૃહસ્થે જ્યારે નિમંત્રણ કર્યું ત્યારે અલંકારિક શબ્દોનો પ્રયોગ કરેલ, અને સાધુએ તેનો જવાબ તેનાજ શબ્દોમાં આપેલ હતો ખરો, પરંતુ જ્યારે ભિક્ષા તરીકે તેઓ શું ગ્રહણ કરી શકે તે સૂચવવાનો વખત આવ્યો ત્યારે તો તે અલંકારિક શબ્દોનો પ્રયોગ નહિ કરતાં વસ્તુવાચક **पोग्गलं** શબ્દનો પ્રયોગ કરેલ છે. આમ ભિન્ન શબ્દ વાપરવાનું પ્રયોજન એ છે કે ગૃહસ્થે આમત્રંણ

કરતી વખતે જે શબ્દ પ્રયોગ કરેલ તે અલંકારિક હોવાથી ગેરસમજ ઉત્પન્ન કરે તેવો હતો એમ તેઓ જાણતા હોવાથી તે ગેરસમજ ન થાય તે ખાતર **पोग्गलं** શબ્દ વાપરેલ હતો.

પાંચમો ખુલાસો:— સાધુજીની માગણી તો ફકત **पोग्गलं** એટલે ગર–ગીર–નરમ ભાગ આપવાની હતી, નહિ કે ઠળીયા કે કઠણ ભાગ આપવાની. છતાં જ્યારે દાતાર સાધુજીના પાત્રમાં બન્ને ચીજ મિશ્રિત છે તેવો ગર નાખી દે છે ત્યારે સ્વાભાવિક તે પ્રસંગે સાધુજીને રોષ થાય. ગોચરી પ્રસંગે આવા પ્રસંગો બને ત્યારે સાધુએ કેમ વર્તવું તે બતાવવા શાસ્ત્રકાર ફરમાવે છે કે, **तं णो "हि" त्ति वएज्जा, णो 'अणहि' त्ति वएज्जा.** હે મુનિ! તું "ભલું કર્યું કે ભલાથી અનેરૂં એટલે બૂરૂં કર્યું" એમ કશું બોલીશ નહિ. પણ ખામોશ પકડજે.

ઉપરના ખુલાસાઓ લક્ષમાં રાખીને હવે આપણે તે આખા સૂત્રનો અર્થ કરીએ જે નીચે પ્રમાણે થાય છે.

"વળી કદાચ મુનિને કોઇ નિમંત્રણ કરે કે "હે આયુષ્યમન્ શ્રમણ! તમને બહુ ઠળીયાવાળો અથવા માછલાંની માફક બહુ કઠણ ભાગ વાળો ફળનો ગર (ગીર–નરમ ભાગ) જોઇએ છે?" આવું વાકય સાંભળીને મુનિએ તરત જ જવાબ આપવો કે, "હે આયુષ્યમન્ યા બહેન! મને બહુ ઠળીયાવાળો ગર નથી જોઈતો પરંતુ તમે મને તે દેવાજ ચાહતા હો તો તેની અંદર જેટલો ગર છે, તે આપો, પરંતુ ઠળીયા ન આપો" એમ કહ્યા છતાં પણ ગૃહસ્થ પોતાના વાસણમાંથી તેવો બહુ ઠળીયાવાળો ગર લાવીને આપવા માંડે તો મુનિએ તેના હાથમાંથી કે વાસણમાંથી તે ગ્રહણ કરવો નહિ.

અગર કદાચ તે ગૃહસ્થ તે આહર મુનિના પાત્રમાં ઝટ નાંખી દે તો મુનિએ તે ગૃહસ્થને " તેં ભલું કર્યું અગર તો ભલાથી અનેરૂં એટલે બૂરૂં કર્યું " એમ કશું કહેવું નહિ, કિન્તુ તે આહાર લઇ, એકાંત સ્થળમાં જઇ જીવ જંતુ રહિત બાગ કે ઉપાશ્રયના અંદર બેસીને ગર ખાઈને ઠળીયા અને કઠણ ભાગ નિર્જીવ સ્થંડિલ (પૃથ્વી-જમીન) પર પોંજી પ્રમાર્જી, પરઠવી આવવા." (૬૩૦)

ઉપરનો અર્થ સ્વીકારીએ તો એટલું નક્કી થાય છે કે, આ આખો પ્રસંગ વનસ્પતિના આહારને લગતો છે. પણ માંસ કે માછલાંના આહારને લગતો નથી. અને તે અર્થ, જૈન ધર્મના અહિંસાના મૌલિક સિદ્ધાંતને પોષક હોવાથી સ્વીકાર્ય છે. પરંતુ તેમ સ્વીકાર કરવા પહેલાં અહીંયાં એ પણ શંકાનું સમાધાન કરવું જોઇએ કે, ઉપર ૬૨૯ મી અને ૬૩૦ મી ગાથામાં વર્ણન કરેલ છે તેવો બહુ ઠળીયા વાળો અગર બહુ કાંટા એટલે કે ખાઇ ન શકાય તેવા કઠણ ભાગ એટલે કે છાલ કે છોતરાં વાળો ગર જે જે વનસ્પતિમાં હોય તે વનસ્પતિનાં ઉદાહરણ આપો. અને તે વનસ્પતિ પણ સાધુ વર્ગને ગ્રહણ કરી શકાય તેવી ફાસુક, એષણિક તથા અચેત હોવી જોઇએ.

નીચે આપેલા દાખલાઓથી સ્પષ્ટ થશે કે, તે દરેક ચીજોમાં ગરની સાથે ઠળીયા અગર તો ખાઇ ન શકાય તેવો કઠણ ભાગ, છાલ કે છોતરાં છે, અને તે ફેંકી દેવા લાયક છે, પરંતુ તે દરેક ચીજ તો ફાસુક, એષણિક તથા અચેત હોવાથી સાધુ વર્ગને ગ્રહણ કરી શકાય તેવી છે.

મોટાં પાકેલાં બોરનું શાક. ... ... તેમાં ઠળીયા છે.
ગુંદાંનું શાક. ... ... તેમાં ઠળીયા છે.
શરગવાની શીંગનું શાક. ... ... તેમાં છોતરાં છે.
ગુંદાંનું અથાણું. ... ... તેમાં ઠળીયા છે.
ખારેકનું અથાણું. ... ... તેમાં ઠળીયા છે
જાળીવાળી કેરીનું અથાણું. ... ... તેમાં કઠણ છોતરૂં છે.
શેકેલી મગની, ચોળાની, તુવેરની
અગર વાલની શીંગ. ... ... તેમાં છોતરાં છે.
શેકેલું બાજરાનું ડુંડું. ... ... તેમાં ડુંડું છે.
શેકેલો મકાઇનો ડોડો. ... ... તેમાં ડુંડું છે
શેકેલા શીંગોડા. ... ... તેમાં છાલ તથા કાંટા છે.
છાલ સહિતનું પાકું કેળું ... ... તેમાં છાલ છે
છાલ સહિતની કેરીની ચીર. ... ... તેમાં છાલ છે.
તરબુચ, પોપૈયું, મોસંબી, નારંગી, વગેરેની
બી વગરની છાલ સહિતની ચીર. ... ... તેમાં છાલ છે.
ફણસ તથા બરમામાં થતા દુરીઅનની બી
વગરની છાલ સહિતની ચીર. ... ... તેમા છાલ તથા કાંટા છે.
શેરડીના માદળીયાં (નાના ટુકડા) ... ... તેમાં છોતરાં છે.
ટોપરાનો કાચલી સહિતનો ટુકડો. ... ... તેમાં કઠણ કાચલી છે.

ઉપરના દાખલાઓથી શાસ્ત્રકાર આવી વનસ્પતિ માટે આ વાત કહે છે, તે સ્પષ્ટ સમજાય તેમ છે.

હવે આપણે પ્રાણીવાચક અર્થ અત્રે કેમ ઘટી શકતો નથી તે પણ જરા તપાસવું જોઇએ જેથી તે વાતનું પણ સમાધાન થાય.

૧ ઉપરના સૂત્રમાં **मंसं** નુ વિશેષણ **बहुअट्ठियं** વપરાયેલ છે અને માગધી ભાષામાં **अट्ठि** એ શબ્દ હાડકા માટે વપરાય છે

અને **अट्ठिअं** એ ઠળીયા માટે વપરાય છે. કયાંય પણ **अट्ठि** એ ઠળીયા માટે કે **अट्ठिअं** એ હાડકા માટે વપરાયેલ નથી એટલે **बहुअट्ठिअं** (ઠળીયા) એ વિશેષણ જે **मंस** ને લાગેલ છે તે **मंस** પરમાટી નહિ, પણ ફળનો ગર એમજ નક્કી થાય છે, કારણ કે ઠળીયા પરમાટીમાં હોતા નથી, પણ ફળમાં જ હોય છે. આ ઉપરથી આ વનસ્પતિના અધિકારની વાત છે એમ નક્કી થાય છે.

૨ હવે તે વાત બીજા દૃષ્ટિબિંદુથી વિચારીએ. ખાવા માટે તૈયાર કરેલાં માંસ કે માછલાંમાં હાડકાં તથા કાંટા થોડા અને માંસ ઝાઝું હોય તે વાત તો માંસ ખાનાર સૌ કોઇ કહે છે, પણ અહીંયાં તો **बहुअट्ठियं** અને **बहुकंटगं** એવા શબ્દ શાસ્ત્રકાર વાપરે છે. જો પ્રાણીના માંસની આ વાત હોય તો ઉપર જણાવ્યા પ્રમાણે તે શબ્દો બંધ બેસતા નથી. **बहुअट्ठियं** ને બદલે **सअट्ठियं** વાપરવું જોઇતું હતું, પરંતુ પ્રાણીને બદલે ઉપર જે વનસ્પતિના ઉદાહરણો આપેલા છે તે વનસ્પતિની વાત લઇએ તો **बहुअट्ठियं** શબ્દ બરોબર ઘટી શકે છે.

૩ વળી સાધુજી ગૃહસ્થને વહોરાવવાનું કહે છે ત્યારે "**पोग्गलं दलयाहि मा अट्ठियाइं**" એમ કહે છે. જો આ માછલાંની વાત છે એમ સ્વીકારીએ તો માછલાંમાંથી કાંટા અલગ થઇ શકતા નથી, તે તો સાથેજ રહે છે અને ચૂસીનેજ ખવાય છે એટલે "**पोग्गलं दलयाहि**" એ વાત ઘટી શકતી નથી. પરંતુ વનસ્પતિના અધિકારની વાત લઇએ તો ઉપર આપેલાં ઉદાહરણ વાળી વનસ્પતિના ઠળીયા અગર કઠણ ભાગ જરૂર અલગ પાડી શકાય તેમ છે. તે ઉપરથી પણ આ વનસ્પતિની વાત છે એમ નક્કી થાય છે.

૪ આ આખું અધ્યયન આહાર અને પાણીનેજ લગતું છે, અને તેના વર્ણનમાં વિવાદવાળા સૂત્રનાં પહેલાંનાં બધાં સૂત્રોમાં વનસ્પતિનાજ આહારની વાત આવે છે. આ દશમા અધ્યયનના અગિયારે ઉદ્દેશામાં ધોક માર્ગની એટલે કે હમેશાં લેવાતા આહાર અને પાણીની તથા અપવાદ માર્ગની ચર્ચા કરવામાં આવી છે. જે આહાર લેવામાં સાધુને વિચાર થઇ પડે, ભૂલ થવાનો સંભવ જણાય, જે લેવાથી પોતાના સંયમધર્મને બાધા પહોંચે તેવા વિચારવા યોગ્ય આહારનો એમાં વિચાર કરવામાં આવ્યો છે. અને તેવા શંકાશીલ પ્રશ્નોના ખુલાસાઓ પણ કરવામાં આવ્યા છે, કે જે ખુલાસાઓ સાધુ સાધ્વીને પોતાની હમેશની દિનચર્યામાં માર્ગદર્શક થાય. જો સાધુને માંસ અને માછલાં લેવાં કલ્પતાં હોત તો જેમ પાણી, વનસ્પતિ, ફળ, કંદ વગેરે માટે જુદા જુદા ઉદ્દેશા આપેલા છે તેમ આને માટે પણ એકાદ ઉદ્દેશો આપવામાં આવત. અને તે ઉદ્દેશામાં તેનું સવિસ્તર વર્ણન કરવામાં આવત. પહેલાં તો તેને હંમેશના લેવાના આહાર તરીકે અને પછી તેના અપવાદ રૂપ પ્રસંગોનું વર્ણન શાસ્ત્રકાર કરત. પણ આમ અચાનક વનસ્પતિના અધિકારમાં મૂકી દે છે તેમ મૂકત નહિ. વળી હમેશનો માંસ અને માછલાં ખાવાનો રિવાજ હોત અને તેવાં હમેશના પ્રસંગની આ વાત હોત તો આ ૬૨૯–૬૩૦માં સૂત્રમાં માંસનું જે વર્ણન કરવામાં આવેલ છે તેવું વર્ણન કરવાની જરૂર રહેત નહિ. કારણ હમેશા વહોરાવવાની ચીજોનું વર્ણન સાધુજી પાસે કરવામાં આવતું નથી. એટલે આ કોઇ ખાસ પ્રસંગની વાત છે અને તે વનસ્પતિ વાળા અધ્યયનમાં આવતી હોવાથી વનસ્પતિને જ લગતી છે.

૫ વળી એ પણ ખ્યાલ કરવો જોઇએ કે, જે શાસ્ત્રકાર સચેત, કાચો પાકો કે દોષવાળો એવો વનસ્પતિનો આહાર ગ્રહણ

કરવાની પણ સખ્ત મના કરે છે તથા વસ્તુના નકામા ભાગને પરઠવવામાં પણ કોઇ એકેન્દ્રિય જીવને પણ પીડા ન થાય, તેવી રીતે પોંજી પ્રમાર્જીને ફેંકવાની આજ્ઞા આપે છે, તેજ શાસ્ત્રકાર તેજ સ્થળે અરે તેજ પદમાં પંચેન્દ્રિય જીવના વધથી થતાં માંસ અને માછલાં ખાવાની આજ્ઞા આપે તે વાત શ્રદ્ધાને તો શું પણ બુદ્ધિને પણ ગ્રાહ્ય થઇ શકે તેમ નથી. શાસ્ત્રકાર અપવાદ રૂપ પ્રસંગોમાં પણ એવો આહાર ગ્રહણ કરવાની છૂટ આપેજ નહિ અને આપેલ પણ નથી. જો છૂટ હોય તો પરિસહ ખમવાની જરૂરજ ન રહે. અને 'પરિસહ' નામનું જે અધ્યયન આપેલ છે તેની પણ શી જરૂર? વળી શાસ્ત્રકાર જે માંસને અશુચી રૂપ ગણી તેની અસઝાય ગણે છે, તેજ માંસને લેવાની તથા ખાવાની આજ્ઞા આપે તે સંભવીજ કેમ શકે?

હવે આનાજ અનુસંધાનમાં **मंस** અને **मच्छ** ને લગતી હકીકત દશવૈકાલિક સૂત્રમાં આવે છે તે અહીંયાં ચર્ચી લઇએ કે જેથી બન્નેના અર્થનો સંપૂર્ણ ખુલાસો થઇ જાય.

દશવૈકાલિક સૂત્રની હકીકત.

દશવૈકાલિક સૂત્રના પાંચમા અધ્યયનમાં શાસ્ત્રકારે આચારાંગ સૂત્રના આ આખા ૧૦મા પિંડેસણા અધ્યયનને નજીવા ફેરફાર સાથે વર્ણવેલ છે.

આચારાંગ સૂત્રના વિવાદવાળા ૬૨૯–૬૩૦ મા સૂત્રમાં જણાવેલ **मंस** તથા **मच्छ** વાળી હકીકત તથા ૬૧૩મા સૂત્રમાં જણાવેલ **अत्थिअं** તથા **तिंदुगं** વાળી હકીકત શાસ્ત્રકારે દશવૈકાલિક સૂત્રના પાંચમા અધ્યયનની ૭૩ અને ૭૪મી ગાથામાં આ પ્રમાણે ગુંથેલ છે.

बहुअट्ठियं पुग्गलं, अणिमिसं वा बहुकंटयं ।
अत्थियं तिन्दुअं बिल्लं, उच्छुखंडं व सिंबलिं ॥ ७३ ॥

अप्पे सिया भोयणजाए, बहुउज्झियधम्मिए ।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥ ७४ ॥

આચારાંગ સૂત્રમાં આવતા **मंस** શબ્દને બદલે અહિંયાં **पुग्गलं** અને **मच्छ** ને બદલે **अणिमिसं** શબ્દ વાપરેલ છે. અને આચારાંગ સૂત્ર પ્રમાણેજ **बहुअट्ठियं** તથા **बहुकंटयं** એ બે વિશેષણો લગાડેલાં છે. આ ગાથામાં **पुग्गलं** તથા **अणिमिसं** એ બે શબ્દો નવા આવેલા હોવાથી પ્રથમ તેનો શબ્દાર્થ કરીએ.

पुद्गल (સંસ્કૃત) = પરમાણુ.

(આપ્ટેકૃત સં. અં. ડીક્ષનેરી પા. ૬૨૩)

આ પુદ્ગલ શબ્દ ઉપરથી માગધી ભાષામાં **पुग्गल** તથા **पोग्गल** શબ્દો આવેલા છે.

पुग्गलं
पोग्गल = ૧ વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળું પુદ્ગલ નામનું એક મૂર્ત દ્રવ્ય. (જૈનાગમ શબ્દ સંગ્રહ પા. ૫૫૨ તથા ૫૬૫)
૨ રૂપવાળો પદાર્થ (પાઇઅ–સદ્દ–મહણ્ણવો પા. ૭૬૨.)

अणिमिस = માછલું. (આપ્ટેકૃત સં. અં. ડીક્ષનેરી પા. ૫૯ અને પાઇઅ–સદ્દ–મહણ્ણવો પા. ૪૦.)

वा = પેઠે, માફક, જેમ **इव** ના અર્થમાં.

अणिमिसं वा = માછલાની પેઠે.

पुग्गल શબ્દનો મૂળ અર્થ તો રૂપ, ગંધ, રસ, સ્પર્શવાળો પદાર્થ એટલોજ થાય. એટલે તે ગમે તે પદાર્થને માટે કહી શકાય. ફળના ગર માટે, પ્રાણીના માંસ માટે કે ગમે તે ચીજ માટે તે શબ્દ વાપરી શકાય. ત્યારે તે કયા અર્થમાં વપરાએલ છે એ શા ઉપરથી નક્કી કરી શકાય ? તેનો નિર્ણય તો તેને લાગેલા વિશેષણ ઉપરથી કરી શકાય. અહિંયાં **पुग्गलं** શબ્દને **बहुअट्ठियं** તથા **बहुकंटयं** એ બે વિશેષણો લાગેલાં છે. અને **बहुकंटयं**

જે વિશેષણ છે તેને **अणिमिसं वा** દૃષ્ટાંત તરીકે ઉપમાન વિશેષણ લાગેલ છે, **अट्ठियं** એટલે ઠળીયો એ વિષે વિવેચન અગાઉ થઇ ગયું છે. એટલે તે સ્વીકારીને ઉપરના **बहुअट्ठियं पुग्गलं, अणिमिसं वा बहुकंटयं** એ સૂત્રનો અર્થ કરીએ તો એટલો થાય કે, "બહુ ઠળીયાવાળું અથવા માછલાંની પેઠે બહુ કાંટાવાળું પુદ્‌ગલ" એ તો નિર્વિવાદ વાત છે કે ઠળીયા હમેશાં ફળના ગરમાંજ હોય છે એટલે તે પુદ્‌ગલ તે ફળનો ગર એમ સ્પષ્ટ સિદ્ધ થાય છે. આવો ગર કોઇ દાતાર બહેન આપવા માગે તો સાધુએ કહેવું કે "**न मे कप्पइ तारिसं**" "મારે માટે તે લેવા લાયક નથી." શા માટે લેવા લાયક નથી તે પ્રશ્ન ઉપસ્થિત થાય તો શાસ્ત્રકાર કહે છે કે, **अप्पे सिया भोयणजाए बहुउज्झिय धम्मिए** એટલે તેમાં ખાવા લાયક ભાગ થોડો છે અને ફેંકી દેવા લાયક ભાગ ઘણો છે માટે લેવા લાયક નથી. શાસ્ત્રકારે આટલું કહીને આ વાત છોડી દીધી નથી, પણ એવાં ફળો ક્યાં કે જેમાં આવો બહુ ઠળીયાવાળો કે બહુ કઠણ ભાગ વાળો ગર હોય છે તે જણાવવા ખાતર તેજ ગાથાની બીજી લીટીમાં તેનાં સ્પષ્ટ ઉદાહરણો પણ આપેલ છે. જેવાં કે, **अत्थियं, तिन्दुअं बिल्लं, उच्छुखंडं व सिंबलिं** આ બધાં વનસ્પતિનાં જ નામો છે. એટલે આ વનસ્પતિનો અધિકાર છે એમ સ્પષ્ટ સિદ્ધ થાય છે.

અહિંયાં એમ શંકા કરવામાં આવે કે, આ ફળોનાં નામો દૃષ્ટાંત તરીકે વપરાયેલ છે તેવો દૃષ્ટાંતવાચક સ્પષ્ટ શબ્દ ગાથામાં નથી. એટલે પહેલા પદના દૃષ્ટાંત તરીકે તેને નહિ લેતાં તેના અનુસંધાનમાં સ્વતંત્ર શબ્દો તરીકે લેવા જોઇએ. આમ સ્વતંત્ર શબ્દો તરીકે લેવાથી પણ અર્થમાં જરા પણ ફરક પડતો નથી. પરંતુ દૃષ્ટાંત તરીકે લેવાથી અર્થ વધારે મજબૂત થાય છે. વળી

બીજા પદમાં વર્ણવેલા ફળોમાં પહેલા પદમાં વર્ણવેલા ગરના જેવોજ ગર અથવા કઠણ ભાગ હોવાથી તેને દષ્ટાંત તરીકે લેવાનું સબળ કારણ મળે છે તથા આ ગાથાઓ પદ્યમાં હોવાથી અને પદ પૂર્ણ થવાથી તેવો દષ્ટાંતવાચક શબ્દ મૂકેલ પણ ન હોય.

गिरिं नहेहिं खणह अयं दन्तेहिं खायह ।.
जाय तेय पार्पहिं हणह जे भिक्खु अवमन्नह ॥.

(ઉતરાધ્યયન સૂત્ર અ. ૧૨ ગાથા ૨૬ મી.)

ઉપરની ગાથામાં દષ્ટાંતવાચક સ્પષ્ટ શબ્દ નહિ હોવા છતાં તે લેવામાં આવેલ છે. તેમ અહીંયાં પણ લેવો જોઇએ. અને તેમ લેવાથી અર્થ વધારે સ્પષ્ટ તથા મજબૂત થાય છે.

આવા સ્પષ્ટ ખુલાસાવાળો અર્થ હોવા છતાં અને શાસ્ત્રકાર ઉદાહરણો સાથે વનસ્પતિનો સ્પષ્ટ ઉલ્લેખ કરે છે છતાં તેને માંસ અને માછલાંની વાતો કલ્પવી તે નરી અજ્ઞાનતા નહિ તો બીજું શું કહેવું ?

આચારાંગ તથા દશવૈકાલિક સૂત્રોમાંના આ વિવાદવાળા અધિકારના ખુલાસાની ચાવી બે શબ્દોમાંજ છે ૧ **अट्ठिअं** એટલે ઠળીયો અને ૨ **मच्छं** તથા **अणिमिसं** પછી આવતો **वा** એટલે પેઠે, જેમ. આ બે શબ્દોના અર્થ બરોબર પકડાય તો પછી આખી ગાથાનો વનસ્પતિવાચક અર્થ બંધ બેસતો થઇ જાય છે, અને તે બે શબ્દોના જે અર્થ અત્રે કરવામાં આવેલ છે તે શાસ્ત્રોકત તથા કોષના પ્રમાણયુકત પણ છે એટલે તે સ્વીકાર્ય છે.

આવા સ્પષ્ટ અર્થો હોવા છતાં અત્યાર સુધીના આચાર્યો કે ટીકાકારોને તે કેમ ન સૂઝયા અને તમને અત્યારે કેમ સુઝે છે ? તેમ ગણીને આ વાત ગૌણ ગણવાની કે ઉડાવી મૂકવાની નથી

પણ વિચારણીય છે. દુનિયાની આવી ઘણી ગુંચોના ઉકેલ આમ સામાન્ય માણસથી પણ ઘણી વખત થાય છે. વરાળયંત્રની મહાન શોધ સામાન્ય માણસથી અને નજીવા પ્રસંગ ઉપરથી જ થઇ હતી એટલે આ બાબત પર પુખ્ત વિચાર કરી પછી અભિપ્રાય બાંધવા ભલામણ છે.

હવે આપણે જૈન શાસ્ત્રમાં માંસાહારનો નિષેધ કરેલ છે તેવાં શાસ્ત્રીય પ્રમાણો રજુ કરી ઉપરની વાતને મજબૂત કરીશું.

૧ જો સાધુઓ માંસ ખાતા હોત અને મદિરા પીતા હોત તો સૂયગડાંગ સૂત્રમાં, દશવૈકાલિક સૂત્રમાં તથા પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં સાધુઓને "**अमज्जमंसासिणो**" એટલે મદ્ય માંસ નહિ ખાનારા એવું વિશેષણ આપેલ છે તે કેમ બને ?

૨ ઉત્તરાધ્યયનજી સૂત્રમાં માંસ ખાનાર આ ભવ તથા પરભવમાં દુ:ખી થાય છે અને અકાળ મરણે મરી દુર્ગતિમાં જાય છે તેવું વર્ણન છે.

हिंसे बाले मुसावाई माइल्ले पिसुणे सढे ।
भुंजमाणे सुरं मंसं सेयमेयंति मन्नई ॥ ९ ॥
कायसा वयसा मत्ते, वित्ते गिद्धे य इत्थीसु ।
दुहओ मलं संचिणइ, सिसुनागो व मट्टियं ॥ १० ॥

અધ્યયન ૫ ગાથા ૯–૧૦

इत्थी विसय गिद्धे य, महारंभ परिग्गहे ।
भुंजमाणे सुरं मंसं, परिवूढे परंदमे ॥

ઉત્ત. અધ્ય. ૭ ગાથા ૬

૩ ઠાણાંગજીમાં ચોથે ઠાણે જણાવેલ છે કે, ચાર કારણે જીવ નરકનાં કર્મ બાંધે. ૧ મહારંભ, ૨ મહા પરિગ્રહ, ૩ પંચેદ્રિય જીવનો વધ અને ૪ **કુણિમહારેણં** એટલે **માંસાહાર.**

૪ ઉવવાઇ સૂત્રમાં પણ **માંસાહાર કરનાર** નારકીને યોગ્ય કર્મ બાંધી નરક ગતિમાં ઉત્પન્ન થાય છે તેવો પાઠ છે.

૫ ભગવતીજી શતક ૮ ઉદ્દેશો ૯ મો ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીરને નરક ગતિને યોગ્ય કાર્મણ શરીર પ્રયોગ બંધનું કારણ પૂછેલ છે. તેનો ઉત્તર આપતાં ભગવાને કહેલ છે કે, હે ગૌતમ ! મહારંભ, મહા પરિગ્રહ, **માંસાહાર** તથા પંચેંદ્રિય જીવના વધથી નારકીના આયુષ્યને યોગ્ય કાર્મણ શરીર પ્રયોગ બંધ થાય છે.

૬ સાધુઓને તો શું પણ શ્રાવકને પણ માંસ અને મદિરા ખાવાં કલ્પતાં નથી, જો કલ્પતાં હોત તો શ્રાવકના સાતમા વ્રતમાં ૨૬ બોલની જે મર્યાદાનું વર્ણન કરેલ છે અને જેમાં શ્રાવકના ભોગોપભોગમાં આવતી દરેક ચીજનો સમાવેશ કરેલ છે તેમાં માંસ, મદિરા, ઇંડાં વગેરેનો સમાવેશ જરૂર કરત, પણ તેવો ઉલ્લેખ તેમાં કરેલ નથી. એટલે શ્રાવકો તે ચીજ ખાતા નહોતા એમ ચોકસ થાય છે. વળી તેજ વ્રતના અતિચારોમાં **अपोलिय+ ओसहि भक्खणयाए, दुपोलिय + ओसहि भक्खणयाए** વગેરે પાઠ છે તેમાં જે **ओसहि** શબ્દ વાપરેલ છે તેનો અર્થ ધાન્યની જાત બાજરો, જુવાર વગેરે (જૈનાગમ શબ્દ સંગ્રહ પા. ૨૧૮) થાય છે. એટલે કે શ્રાવકને ધાન્ય ખાનાર કહેલ છે નહિ કે માંસ ખાનાર. જે ધર્મના શ્રાવકો ધાન્ય ખાનાર હોય તેજ

ધર્મના શ્રમણો તથા આપ્ત પુરુષો માંસ ખાનાર હોય તે સંભવીજ કેમ શકે ?

ઉપર જણાવેલ શાસ્ત્રનાં પ્રમાણોથી સિદ્ધ થાય છે કે, જૈનાગમોમાં માંસાહારનો નિષેધ કરેલ છે. અને તે વાત જૈનધર્મના મૂળભૂત અહિંસાના સિદ્ધાંતને મળતી તથા સુસંગત છે.

હવે આપણે આ ચર્ચાના અનુસંધાનમાંજ આચારાંગ સૂત્રના ૬૧૯ મા સૂત્રની ચર્ચા કરીએ. તેમાં વિવાદ વાળો પાઠ નીચે પ્રમાણે છે.

से भिक्खू वा (२) जाव समाणे सेज्जं पुण जाणेज्जा मंसं वा मच्छं वा भज्जिज्झमाणं पेहाए तेल्लपूययं वा आएसाए उवक्खडिज्जमाणं पेहाए णो खद्धं खद्धं उव-संकमित्तु ओभासेज्जा णन्नत्थ गिलाणणीसाए । (६१९)

આ સૂત્રમાં મુખ્યત્વે બે શબ્દોના અર્થ કરવાની ખાસ જરૂર છે તે કરી પછી આપણે આ સૂત્રનો અર્થ કરી તેના આશયની ચર્ચા કરીએ.

ओभास (अव + भाष) = યાચના કરવી, માગવું.

(પાઇઅ–સદ્દ–મહણ્ણવો પા. ૨૫૦)

णन्नत्थ = ૧ આટલું વિશેષ. ૨ આ નહિ કે તે નહિ પણ એટલું

(1) So much in particular. 2 Not this or that but this much.

(અર્ધમાગધી કોષ ભા. ૨ જો પા. ૬૧૦.)

આ સૂત્રનો અર્થ આ પ્રમાણે છે.

"હે ભિક્ષુ કે ભિક્ષુણી વળી એટલું પણ જાણજો કે જે સ્થળે માંસ અને માછલાં તળાતાં હોય તે જોઇને અને પરોણા માટે તેલમાં પુરીઓ તળાતી હોય તે જોઈને તેવા સ્થળે મુનિએ ઉતાવળા ઉતાવળા જઇને યાચના કરવી નહિ, પરંતુ કોઇ ગ્લાન એટલે બીમાર મુનિ માટે (તેવા સ્થળે જવાની જરૂર હોય તો જઇને યાચના કરવાનો) આગાર. (૬૧૯)

હવે આપણે અહિંયાં શાસ્ત્રકારનો આ સૂત્રમાં કહેવાનો આશય શો છે તે તપાસીએ.

પહેલાં તો આ સૂત્ર નિષેધાત્મક છે પણ વિધાનાત્મક નથી એ વાત ધ્યાનમાં રાખી આ સૂત્રનો વિચાર કરવો જોઇએ.

જે સ્થળે માંસ અને માછલાં તળાતાં હોય અગર તો પરોણા માટે તેલમાં પૂરીઓ તળાતી હોય તેવા સ્થળે મુનિએ ઉતાવળા ઉતાવળા જઇને યાચના કરવી નહિ એમ શાસ્ત્રકાર ફરમાવે છે, પરંતુ કારણવશાત્ કોઇ બિમાર મુનિને માટે પુરીઓની જરૂર હોય અને તેવી પુરીઓ જે ઘેર માંસ અને માછલાં તળાતાં હોય ત્યાંજ મળી શકે તેમ હોય તો તેવે પ્રસંગે તેવે સ્થળે મુનિએ કેમ જવું અને કેમ યાચના કરવી તે દેખાડવા પૂરતો આમાં ઉલ્લેખ છે. બીમાર મુનિ માટે લાવવાની હોવાથી મુનિ ઉતાવળો ઉતાવળો જાય અને યાચના કરે તે સ્વાભાવિક છે, પણ તેમ કરવાથી દાતારના કે જનતાના મન ઉપર મુનિ માટે લોલુપીપણાની કે ખાવાના ગૃદ્ધિપણાની છાપ પડે અને તે છાપ મુનિને માટે ઉચિત નહિ એમ સમજીનેજ શાસ્ત્રકારનું આ ફરમાન છે કે હે મુનિ !

તેવે સ્થળે ઉતાવળા ઉતાવળા જઇને તારે યાચના કરવી નહિ. અહિંયાં શાસ્ત્રકાર **णन्नत्थ** શબ્દ વાપરે છે, અને તેનો અર્થ "આ નહિ કે તે નહિ પણ એટલું" "Not this or that but this much" એમ થાય છે. એટલે બીમારના નિમિત્ત સિવાય આવે સ્થળે જઇને યાચના કરવાની શાસ્ત્રકાર મના કરે છે. પરંતુ બીમાર મુનિ માટે તેવે સ્થળે જવાની અને યાચના કરવાની જરૂર પડે તો ધીમેથી ત્યાં જઇ પોતાને કલ્પતી ચીજની યાચના કરવી, તે સિવાય જવુંજ નહિ, એમ શાસ્ત્રકારનો કહેવાનો આશય જણાય છે. અહિંયાં મુખ્ય વાત આવા પ્રસંગે આવા સ્થળે મુનિએ કેમ જવું તે પૂરતીજ છે. અહીંયાં મુનિએ શું લેવું અને શું ન લેવું તે વાત તદ્દન ગૌણ છે. ગૃહસ્થને ઘેર તો મુનિને ગ્રહણ કરવા યોગ્ય અને ન ગ્રહણ કરવા યોગ્ય અનેક ચીજો હોય, ત્યાં માંસ અને માછલાં હોય તેમ પૂરીઓ પણ હોય અને તે બતાવવા ખાતર જ અહિંયાં માંસ અને માછલાંની સાથે પૂરીઓની વાત શાસ્ત્રકારે મુકેલી છે. મુનિ પોતાને ગ્રહણ કરવા યોગ્ય ચીજ ગ્રહણ કરે અને ન ગ્રહણ કરવા યોગ્ય ચીજ ન ગ્રહણ કરે, પરંતુ ગૃહસ્થને ઘેર નહિ ગ્રહણ કરવા યોગ્ય ચીજોનું અસ્તિત્વ હોવાથીજ મુનિ ત્યાં જાય તો તે તેવી અગ્રાહ્ય ચીજ માટે જ ત્યાં જાય છે તેમ કલ્પવું તે તો તદ્દન ભૂલ ભરેલું જ ગણાય. વળી બીમારને માટે લાવવાનો આ પ્રસંગ હોઇ પૂરીઓ જ અનુકૂળ ગણી શકાય અને તેટલા ખાતરજ શાસ્ત્રકારે પૂરીઓનો ઉલ્લેખ કર્યો છે.

અંતમાં આચારાંગના ૫૬૨મા સૂત્રની થોડી ચર્ચા કરી લઇએ.

આચારાંગ સૂત્રના ૫૪૩ થી ૫૬૨ સુધીના સૂત્રોમાં જમણવાર (**संखडी**) ને લગતો અધિકાર છે. અઘરણીના, મરણના, વિવાહના કે પ્રીતિભોજનના જમણવાર–અને તે પણ બે પ્રકારના–સાદા નિરા-

મિષ ભોજનવાળા તથા માંસ, મત્સ્ય, તથા મદિરાવાળા આમિષ ભોજનવાળા—ને લગતો અધિકાર છે. આવા જમણવારમાં મુનિએ ભિક્ષાર્થે જવું કે કેમ? તથા ત્યાંનાં આહારપાણી ગ્રહણ કરવાં કે કેમ? તેનો ખુલાસો આ સૂત્રમાં શાસ્ત્રકાર કરે છે.

શાસ્ત્રકાર સ્પષ્ટ શબ્દોમાં ફરમાવે છે કે જે સ્થળે જમણવાર હોય તે સ્થળે કે તે રસ્તે પણ મુનિએ જવું નહિ તેમજ ત્યાંથી આહારપાણી પણ ગ્રહણ કરવાં નહિ કારણ કે આવા સ્થળે જવું, તથા ત્યાંનાં આહારપાણી લેવાં તે બન્ને સંયમધર્મને અનેક રીતે વિઘ્નકર્તા છે, અને કર્મબંધના હેતુરૂપ છે. આવી સ્પષ્ટ શબ્દોમાં મનાઇ કર્યા પછી ૫૬૨મા સૂત્રમાં શાસ્ત્રકાર તેવા સ્થળે થઇને જવાની આજ્ઞા આપે છે તો શાસ્ત્રકારનો કહેવાનો હેતુ શો છે તે તપાસીએ.

૫૬૧મા સૂત્રમાં શાસ્ત્રકાર કહે છે કે "મુનિને ગૃહસ્થના વાસ તરફ ભિક્ષાર્થે જતાં, તેને એવું જણાય કે અહિં માંસ, મત્સ્ય, કે મદિરાવાળું વિવાહભોજન, મૃતકભોજન, યા પ્રીતિભોજન છે, અને તે સ્થાન તરફ જવાના રસ્તામાં બીજ, વનસ્પતિ, ઠાર, પાણી, કે ઝીણાં જીવજંતુઓ ઘણા હોય, અથવા ત્યાં આગળ બૌદ્ધધર્મના શ્રમણો, બ્રાહ્મણો, વટેમાર્ગુઓ, રંક ભિક્ષુકો કે ભાટ ચારણો આવેલા હોય, કે આવવાના હોય, અને તેથી ત્યાં બહુ ભીડ થવાની હોય, કે જેથી મુનિને ભિક્ષાર્થે અગર તો પઠનપાઠન, સજ્ઝાય ધ્યાન, કે ધર્મોપદેશ માટે તે રસ્તે થઇને જવું આવવું મુશ્કેલી ભરેલું હોય, તો તેવા સ્થળે થઇને ચતુર મુનિએ જવાનો વિચાર માત્ર નહિ કરવો."

હવે આ પછીનાજ ૫૬૨મા સૂત્રમાં શાસ્ત્રકાર કહે છે કે, "મુનિને ગૃહસ્થીઓના વાસ તરફ ભિક્ષાર્થે જતાં, તેને એવું જણાય કે અહીં માંસ, મત્સ્ય, કે મદિરાવાળું વિવાહ ભોજન, મૃતકભોજન, કે પ્રીતિભોજન છે, અને તે સ્થાન તરફ જવાના રસ્તામાં કશી વનસ્પતિ, જળ કે જીવજંતુ ન હોય, તેમજ ત્યાં શ્રમણ બ્રાહ્મણાદિકની ભીડ પણ

ન હોય, અને જવું આવવું સુલભ હોય તો ચતુર મુનિએ ભિક્ષાર્થે અગર પઠનપાઠન, સજ્ઝાય ધ્યાન, કે ધર્મોપદેશ માટે તે રસ્તે થઇને જવું."

હવે આપણે આ દેખીતા પરસ્પર વિરોધી સૂત્રો બાબત વિચારણા કરીએ. **संखडी**=(૧) જમણવાર, જ્ઞાતિભોજન વગેરે (૨) જમણ નિપજાવવાનું સ્થાન, (પંહો) (૩) વિવાહનો પ્રસંગ. (જૈનાગમ શબ્દ સંગ્રહ પા. ૭૨૧).

ઉપરના ૫૬૧ સુધીના સૂત્રોમાં તો શાસ્ત્રકારે જે સ્થળે જમણવાર હોય તેવા સ્થળને લગતી વાત કહી, પરંતુ ૫૬૨મા સૂત્રમાં જમણવારવાળા સ્થળની નહિ, પરંતુ જમણ નિપજાવવાનું સ્થાન-પંહા ને લગતી વાત કરી છે. સાધુએ જમણવારમાં તો નજ જવું. પરંતુ રસ્તાની બાજુપરના મકાનમાં તેવું જમણ નિપજાવવાનું સ્થાન-પંહો આવેલ હોય તો મુનિએ શું કરવું તેનો ખુલાસો આ સૂત્રમાં કરેલ છે.

संखडी ના કોષકારે જે અર્થો આપેલા છે, તેમાં આ બન્ને અર્થો છે. અને બીજો **અર્થ** પંહો-આ ૫૬૨મા સૂત્રમાં લઇએ તો તે સ્થળનું જે વર્ણન ત્યાં કરેલ છે તે બરોબર ઘટી શકે છે. કારણ કે જમણવાર રસ્તાપર હોય, પરંતુ પંહો રસ્તાની બાજુપર આવેલા મકાનમાં હોય, અને તેને લગતી બધી સાધન સામગ્રી તથા વ્યવસ્થા પણ તે મકાનમાંજ હોય, રસ્તાપર ન હોય, અને તેથીજ રસ્તો તદન નિર્દોષ હોય, અને મુનિને જવું આવવું સુલભ હોય તો શાસ્ત્રકારે તે રસ્તે જવાની આજ્ઞા આપેલ છે. પરંતુ તે કોને? દરેકે દરેક મુનિને નહિ પરંતુ-**पण्णस्स**-પ્રજ્ઞાવંત-ચતુર મુનિને અને તે પણ બીજા રસ્તાના અભાવેજ.

(૨) આ ભિક્ષાના પ્રસંગનું વર્ણન છે. એટલે ભિક્ષા લેવાના સ્થાને પઠનપાઠન, સજ્ઝાય ધ્યાન, કે ધર્મોપદેશ કરવાની વાતજ ન હોય, પરંતુ શાસ્ત્રકારનો આશય એ જણાય છે કે ભિક્ષાર્થે તો નહિ જવું એટલુંજ નહિ પરંતુ સજ્ઝાય ધ્યાન જેવા ધર્મ કરણીના

કામ માટે પણ હે મુનિ! તે રસ્તે થઇને તારે જવું નહિ.

આ ઉપરથી સ્પષ્ટ થશે કે આવી અભક્ષ્ય વસ્તુવાળી જમણવારમાં જવાની કે ત્યાંની ભિક્ષા ગ્રહણ કરવાની તો અહિંઆં વાતજ નથી.

જૈન ધર્મના સાધુ સાધ્વીના આચારને લગતાં પ્રમાણભૂત ગણાતાં આચારાંગ અને દશવૈકાલિક જેવાં સૂત્રોમાં જે જે વિવાદ-ગ્રસ્ત ગાથાઓ તથા પ્રસંગો છે તેની વિસ્તારથી અને જુદા જુદા દ્રષ્ટિબિંદુથી છણાવટ કરીને અહીંઆં એમ સિદ્ધ કરેલ છે કે જૈનધર્મમાં કે તેના અનુયાયીઓમાં માંસ, મત્સ્ય કે મદિરા જેવી અગ્રાહ્ય, અને અભક્ષ્ય ચીજ ગ્રહણ કરવાની અગર તો ખાવાની કયાંય પણ આજ્ઞા આપેલ નથી. પરંતુ સખ્ત મનાઇ કરેલ છે.

—ભગવતી સૂત્ર—

ભગવતીમાં ગોશાલકનો અધિકાર છે તેનો ટુંક સારાંશ:—

ગોશાલક પ્રથમ ભગવાન મહાવીરનો શિષ્ય હતો અને ભગવાન મહાવીર પાસે કેટલોક વખત રહ્યો હતો, પરંતુ પાછળથી તે તેમ-નાથી છૂટો થયો હતો. છૂટા પડયા બાદ તેણે તેજોલેશ્યા સાધી તથા અષ્ટાંગ નિમિત્ત ભણીને હું સર્વજ્ઞ છું એવી પ્રસિદ્ધિ કરવા માંડી. એક વખત તે શ્રાવસ્તી નગરીમાં આવ્યો અને ત્યાં પોતાને સર્વજ્ઞ તરીકે ઓળખાવવા લાગ્યો. લોકોમાં આ વાત ચર્ચાવા લાગી. પાછ-ળથી તે જ નગરીમાં પ્રભુ મહાવીરનું પધારવું થયું. ગ્રામવાસીઓએ ગોશાલકની આ સર્વજ્ઞપણાની વાત ગૌતમસ્વામીને પૂછી, ગૌતમે પ્રભુ મહાવીરને પૂછ્યું, અને પ્રભુએ ગોશાલકની આખી જીવનકથા કહી સંભળાવી, તથા તેણે સર્વજ્ઞપણું (જિનપદ) પ્રાપ્ત કર્યું નથી તેમ પણ કહ્યું. ગોશાલકનું આ જીવનચરિત્ર લોકોમાં ચર્ચાવા લાગ્યું. અને કર્ણોપકર્ણ તે વાત ગોશાલકના કાન પર આવી એટલે તે ઘણો ક્રોધિત થયો. ક્રોધથી બળ્યો જળ્યો એક વખત તે પ્રભુ મહાવીરની પાસે આવ્યો, અને ત્યાં

પોતાનું ખરૂં સ્વરૂપ છુપાવવા પ્રયત્ન કર્યો, ત્યારે ભગવાને તે ખુલ્લું કર્યું. આથી તે ગુસ્સે થયો. આ જોઇ બે સાધુઓ તેને સમજાવવા ગયા એટલે તેના પર તેજોલેશ્યા મૂકી તેને બાળીને ભસ્મ કર્યા. ભગવાને તેને સમજાવ્યો પણ નહિ સમજતાં ભગવાન ઉપર પણ તેજોલેશ્યા મૂકી. આ તેજોલેશ્યા ભગવાનને સ્પર્શી પણ શરીરમાં પ્રવેશી નહિ પરંતુ પાછી ફરી ગોશાલકના શરીરમાં પ્રવેશી ગઇ. આ વખતે ગોશાલકે પ્રભુને કહ્યું કે, મારી તેજોલેશ્યાના પ્રતાપે તું છ મહિનાની અંદર પિત્તજવરના દાહથી પીડાઇ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા વગર મરણ પામીશ. ત્યારે ભગવાને કહ્યું કે, હું તો હજી ૧૬ વર્ષ જીવવાનો છું, પરંતુ તું પોતે તારીજ તેજોલેશ્યાના પ્રતાપે સાતમી રાત્રિએ પિત્તજવરના દાહથી પીડાઇ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા વગર મરણ પામીશ.

આ તેજોલેશ્યાના પરિણામે ભગવાન મહાવીરને પિત્તજવર તથા લોહીના ઝાડા થઇ આવ્યા. આ જોઇને આમ વર્ગને તથા કેટલાક સાધુઓને ઘણીજ ચિંતા થવા લાગી કે શું ગોશાલકનું કહેવું ખરૂં પડશે? પ્રભુ ઉપર અત્યંત જેનો રાગ હતો તેવા સિંહ નામના અણગાર જે જંગલમાં ધ્યાન કરતા હતા, ત્યાં તેમણે પણ આ વાત સાંભળી, એટલે તેને ઘણોજ અફસોસ થયો અને તેઓ ઘણા દુઃખી થઇ રડવા લાગ્યા. ભગવાને પોતાના જ્ઞાન વડે આ જાણ્યું એટલે તેને પોતાની પાસે બોલાવી સાન્ત્વન આપ્યું. તથા આમ વર્ગની અને સાધુ વર્ગની આ ચિંતા દૂર કરવા માટે સિંહ મુનિને કહ્યું કે, હે સિંહ! તું મેંઢિક ગામમાં જા અને ત્યાં રેવતી ગાથાપત્નીએ બે પાકો તૈયાર કરેલ છે. એક મારા માટે તથા એક બીજો. જે પાક મારા માટે બનાવ્યો છે તેનું કામ નથી, પરંતુ બીજો જે પાક છે તે લઇ આવ." ભગવાને તે પાક આસક્તિ

રહિતપણે ખાધો અને પીડા શાન્ત થઇ. અહિંયાં ઉપરના પાકના સંબંધમાં જે શબ્દો શાસ્ત્રકારે વાપરેલ છે તેના માટે તો કોઇને વાંધો નથી, તે તો સૌને માન્ય છે. પરંતુ તે શબ્દોના અર્થમાં વાંધો છે. તે અર્થો વિવાદગ્રસ્ત છે, એટલે તેની ચર્ચા કરી તેનો નિર્ણય કરવાની જરૂર છે.

આ ચર્ચા કરવા પહેલાં એક વાતનો ખુલાસો કરવાની જરૂર છે. તેજોલેશ્યા તે કોઇ અલૌકિક ચીજ નથી. તે એક પ્રકારની લબ્ધિ છે શક્તિવિશેષ છે, અને તે લબ્ધિ અમુક પ્રકારના તપથી મેળવી શકાય છે, જેમ યોગના પ્રયોગથી અમુક પ્રકારની શકિતએ। પ્રાપ્ત થઇ શકે છે, અને તેનો પ્રયોગ શરીર ઉપર પણ થઇ શકે છે, તેવીજ રીતે આ લબ્ધિ પણ પ્રાપ્ત થઇ શકે છે અને તેના પ્રયોગથી શરીર બળીને ભસ્મ થઇ શકે છે. એટલે જો તેજોલેશ્યાને અલૌકિક ગણીએ તો પછી તે આખા પ્રસંગને અલૌકિક ગણી તેની ચર્ચા જ ન કરવી જોઇએ તો તો તેમાં શ્રદ્ધા રાખી તે પ્રસંગને જૈનધર્મના અહિંસાના સિદ્ધાંતને બાધા ન થાય તેવી રીતે ઘટાવવો જોઇએ અને માનવો જોઇએ, પરંતુ ઉપર કહ્યું તેમ તેજોલેશ્યાને એક શક્તિવિશેષ ગણીએ તો તેનો પ્રયોગ શરીર ઉપર થઇ શકે છે. અને તે પ્રયોગથી શરીર બળીને ભસ્મ થઇ શકે છે, અગર અમુક પ્રકારનો વ્યાધિ પણ પેદા થાય છે. અને તે શારીરિક વ્યાધિ હોવાથી તેના લૌકિક ઉપચારો પણ થઇ શકે છે. આપણે પણ તેને લૌકિક ગણી તેની અહીંયાં ચર્ચા કરીશું.

મૂળ સૂત્રમાં આ વાંધાવાળો પાઠ નીચે પ્રમાણે છે.

" तत्थ णं रेवतीए गाहावतिणीए मम अट्ठाए दुवे कवोयसरीरा उवक्खडिया तेहिं नो अट्ठो, अत्थि से

अन्ने पारियासिए मज्जारकडए कुक्कुडमंसए तमाहराहि एएणं अट्ठो." (ભગવતી સૂત્ર શ. ૧૫ પૃ. ૬૮૬.)

જૈનશાસ્ત્રોના નવ અંગ શાસ્ત્રોના ટીકાકાર મહાન્ સમર્થ વિદ્વાન્ અભયદેવસૂરિએ ક્રમવાર અંગસૂત્રોની ટીકા રચી છે પ્રથમ ઠાણાંગજી સૂત્રની ટીકા કરતાં તેના નવમે ઠાણે પ્રભુ મહાવીરના વખતમાં નવ જણાએ તીર્થંકર ગોત્ર બાંધ્યું તેને લગતો પાઠ છે તે નવ જણાએ શા શા કારણે તથા શું કરવાથી તીર્થંકર ગોત્ર બાંધ્યું તેનો ત્યાં ઉલ્લેખ છે. ત્યાં રેવતી ગાથાપત્નીએ પણ ઉપરનો વિવાદવાળો આહાર પ્રભુને વહોરાવવાથી તીર્થંકર ગોત્ર બાંધ્યું તેવો પાઠ છે. તે પ્રસંગને વર્ણવતાં ટીકાકાર અભયદેવસૂરિએ વિવાદવાળાં સૂત્રોનો નીચે પ્રમાણે અર્થ કરેલ છે.

"ततो गच्छ..........मदर्थं द्वे कूष्माण्डफलशरीरे उपस्कृते, न च ताभ्यां प्रयोजनं, तथाऽन्यदस्ति तद्गृहे परिवासितं मार्जाराभिधानस्य वायोर्निवृत्तिकारकं कुक्कुटमांसकं बीजपूरक-कटाहमित्यर्थः, तदाहर, तेन नः प्रयोजनमिति"

"તું નગરમાં જા અને રેવતી નામની ગાથાપત્નીએ મારા માટે બે કોળાનાં ફળો સંસ્કાર કરીને તૈયાર કર્યાં છે તેનું પ્રયોજન નથી, પરંતુ તેના ઘરમાં માર્જાર નામના વાયુની નિવૃત્તિ કરવાવાળો બિજોરા ફળનો ગર્ભ છે તે લઇ આવ; તેનું મારે પ્રયોજન છે."

(ઠાણાંગજી સૂત્ર ૬૯૧ પૃ. ૪૫૬–૪૫૭.)

ઠાણાંગજીમાં તેમણે આ વિવાદવાળા શબ્દોના વનસ્પતિ-વાચક અર્થો વિસ્તારથી ચર્ચા કરીને કરેલ છે, એટલે તે ચર્ચા અહીંયાં ફરી કરવામાં આવી નથી. અને તેજ અર્થો તેમને માન્ય

હતા, કારણ કે તે જૈન ધર્મના મૂળભૂત અહિંસાના સિદ્ધાંતને બંધ બેસતા હતા.

આજ ટીકાકાર અભયદેવસૂરિએ ઠાણાંગજીની ટીકા લખ્યા બાદ ભગવતીજીની ટીકા લખી અને તેમાં જ્યારે તેના પંદરમા શતકમાં આ ગોશાલક વાળો પ્રસંગ આવ્યો ત્યારે તેમણે તે સ્થળે ઠાણાંગજીમાં પોતે જે અર્થ કરેલ હતો, અને જે તેમને માન્ય હતો તે અર્થ ફરી અહીં કર્યો. પરંતુ એક નિષ્પક્ષ ટીકાકાર તરીકે તેના વખતમાં પણ કોઇ કોઇ વ્યકિત આ શબ્દોમાંથી ઉપલક દૃષ્ટિએ ફલિત થતો પ્રાણીવાચક અર્થ પણ માનતા હશે તે બતાવવા ખાતર તેમણે જણાવ્યું કે, "**श्रूयमाणमेवार्थं केचिन्मन्यन्ते**" એટલે કે "આ સંભાળતો અર્થ પણ કોઇ કોઇ માને છે." ટીકાકારના વખતમાં પણ જનતામાંના કોઈ કોઇ આનો પ્રાણીવાચક અર્થ પણ માનતા હશે તે વાત જણાવવા ખાતર તેમણે તે પણ પોતાની ટીકામાં જણાવી. પણ તે વાત તેમને માન્ય નહોતી. કારણ કે, જો તે વાત તેમને માન્ય હોત તો તે **श्रूयमाणमेवार्थं** કયો? કેમ અર્થ થાય? કેમ સંભવે? વગેરે ચર્ચા કરીને તે અર્થ સ્પષ્ટપણે જણાવત, પણ તેવી કોઇ પણ ચર્ચા કે અર્થ કરેલ નથી, એટલે તે અર્થ તેમને માન્ય નહોતો એ નક્કી છે. તેમને જે અર્થ માન્ય હતો તે તો તેમણે ઠાણાંગજીમાં સ્પષ્ટતા–પૂર્વક વિસ્તારથી ચર્ચા કરી અર્થ કરેલ છે અને અહીંયાં પણ તેજ અર્થ કરેલ છે. એટલે તેજ વનસ્પતિવાચક અર્થ સૌએ સ્વીકારવો જોઇએ.

ઉપરના સૂત્રમાં વાંધા વાળા ૩ શબ્દો આવે છે. **कवोय**, **मज्जार** અને **कुक्कुडमंसए** તેના જો વનસ્પતિવાચક અર્થો સપ્રમાણ મળી શકે તો પછી કંઇ પણ વાંધો રહી શકે નહિ.

આ શબ્દોના આ સ્થળે સંસ્કૃત કે માગધી શબ્દકોષ પ્રમાણેના પ્રચલિત અર્થ લેવા નહિ જોઇએ. કારણ કે અહિંયાં તો તે દવા તરીકે વપરાયેલ છે. એટલે તેના અર્થો વૈદ્યકીય શબ્દકોષો પ્રમાણેના લેવા જોઇએ. અને ત્યાં જો તેના વનસ્પતિવાચક અર્થો યથાર્થ રીતે મળી શકે તો તે આપણે જરૂર સ્વીકારવા જોઇએ. વૈદ્યકીય શબ્દકોષો સંસ્કૃત ભાષામાં હોઇ ઉપરના શબ્દોના સંસ્કૃત પર્યાયવાચી શબ્દો જાણવા જોઇએ, જે આ પ્રમાણે છે.

कवोय = **कपोत**
मज्जार = **मार्जार**
कुक्कुड = **कुक्कुट**
मंसए = **मांस**

कपोत = ૧ પારાવત. પારાવત નામનું વૃક્ષ થાય છે અને તે વૃક્ષના ફળને પણ પારાવત કહેવામાં આવે છે.

(સુશ્રુત સંહિતા પૃષ્ટ ૩૩૮ ફળ વર્ગ.)

૨ કૂષ્માંડ ફળ = સફેદ કોળું. આ અર્થ કપોત અને કોળું બન્નેના સરખા વર્ણ હોવાથી ટીકાકારે તે પ્રમાણે લીધેલ છે. અને સમાન લક્ષણ, ગુણ કે રૂપ હોવાને લીધે એકજ શબ્દ પ્રાણીવાચક તેમજ વનસ્પતિવાચક હોઇ શકે છે. જેમકેઃ—

मत्स्यंडी = ૧ માછલાંના ઇંડાં.
૨ માછલાંના ઇંડાં જેવો જેનો રંગ તથા આકાર છે તે, એટલે ખાંડ, સાકર.

उंदरकर्णी = ૧ ઉંદરના કાન.
૨ ઉંદરના કાન જેવાં જેનાં પાન છે

તેવી વનસ્પતિ.

कोल = ૧ શિયાળ.
૨ કોલ નામે વનસ્પતિ.

चिल्ल = ૧ સમળી
૨ ચિલ્લ નામની વનસ્પતિ.

कुहन = ૧ ઉંદર
૨ કુહન નામની વનસ્પતિ છે.

मंडुकी = ૧ દેડકી
૨ મંડુકી નામની વનસ્પતિ છે.

આવા અનેક શબ્દો આપી શકાય છે.

આ ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે પ્રાણીવાચક દેખાતો શબ્દ વનસ્પતિના અર્થમાં પણ વપરાએલ હોય છે. એટલે **कपोत**નો જે અર્થ **कूष्माण्डफल** એટલે કોળું એમ ટીકાકારે લીધેલ છે તે યથાર્થ છે અને એ અર્થ લઇએ તોજ **दुवे** અને **सरीरा** એ બન્ને શબ્દો ફળની સાથે બરોબર ઘટી શકે છે.

दुवे कवोयसरीरा = બે કૂષ્માંડ ફળ એટલે બે સફેદ નાનાં કોળાં.
मार्जार= વનસ્પતિ વિશેષ એ અર્થમાં સૂત્રમાં પણ વપરાએલ છે.

૧ પન્નવણાજીમાં પ્રથમ પદમાં વૃક્ષના અધિકારમાં '**मज्जार**' શબ્દ નીચે પ્રમાણે વપરાએલ છે.
" **वत्थुलपोरगमज्जारपोइवल्लीयपालक्का** "

૨ ભગવતી સૂત્રના ૨૧ મા શતકમાં પણ "**मज्जार**" શબ્દ વનસ્પતિના અર્થમાં વપરાયેલ છે.
" **अब्भसहवोयाणहरितगतंदुलेज्जगतणवत्थुल चोरगमज्जारपोइचिल्लिया** " ઇત્યાદિ.

૩ રત્નચિત્રક નામનો છોડ (રાજનિઘંટુ)
૪ ખટાશ (હેમચંદ્રાચાર્ય)
૫ બિડાલી = ભૂમિ કૂષ્માંડ = ભોંયકોળું (વૈદ્યક શબ્દ-સિંધુ પૃ. ૮૮૯)
૬ એક પ્રકારનો વાયુ.

मज्जारकडए = ૧ માર્જારકૃત (સંસ્કૃત) = માર્જાર નામની વનસ્પતિમાંથી બનાવેલ; માર્જારથી સંસ્કાર કરેલ; માર્જારની ભાવના આપેલ.
૨ માર્જાર નામના વાયુના સાન્ત્વનાર્થે તૈયાર કરેલ.

નોટઃ– “ **कडए** ” શબ્દ મારવાના કે હણવાના અર્થમાં માગધી ભાષામાં વપરાયેલ હોય તેમ જાણવામાં નથી એટલે અહીં તેનો અર્થ વનસ્પતિમાં પકાવેલ, વનસ્પતિથી બનાવેલ, વનસ્પતિની ભાવના આપેલ જે લેવામાં આવેલ છે તે યથાર્થ છે.

कुक्कुट = ૧ સુનિષણ્ણ નામક શિતિવાર શાક. ચાર પત્તાવાળી ભાજી. (વૈદ્યક શબ્દસિંધુ પૃ. ૨૫૯)
(ભાવ પ્રકાશ, પૂર્વભાગ, શાક વિભાગ)
૨ શાલ્મલિ = સેમલ વૃક્ષ (વૈદ્યક શબ્દ સિંધુ પૃ. ૨૫૯)
(ભાવ પ્રકાશ, પૂર્વ ભાગ, શાક વિભાગ)
૩ માતુલિંગ = બિજોરા

मंस = ફળનો ગર. (આ લેખમાં અગાઉ સિદ્ધ કરેલ છે)
कुकुडमंसए = બિજોરાના ફળનો ગર–ગીર.

નોટઃ– અહીંયાં **कुक्कुट**નો પહેલો અર્થ સુનિષણ્ણ નામની શાક ભાજી એ જે લેવામાં આવેલ છે તે લઇએ

તો તે ભાજી આવા દર્દોની અંદર ઉપયોગી છે. અને તે અર્થ લઈએ તો માર્જારનો અર્થ ખટાશ થાય છે તે લેવો જોઈએ, કારણ કે ખટાશ નાખીને ભાજીનાં શાક બનાવવાનો રિવાજ ઘણે સ્થળે છે, અને આવી ખટાશ (દહીં) તે આ રોગમાં અત્યંત ફાયદાકારક છે. પરંતુ આ **कुक्कुड** શબ્દની સાથે **मंसए** શબ્દ છે તે શબ્દ શાકભાજીના અર્થમાં બરોબર ઘટી શકતો નથી, કારણ કે ભાજીમાં ગર હોય નહિ, ગર તો ફળમાં હોય, એટલે બીજો કે ત્રીજો અર્થ ઘટી શકે છે.

૨ બીજો અર્થ શાલ્મલિ એટલે સેમલ વૃક્ષ. આ વૃક્ષને ફળ થાય છે અને તેમાં ગર પણ હોય છે. પણ તે ગર બહુ ઉષ્ણ હોવાથી આ દર્દ ઉપર ઉપયોગી નથી એટલે તે અર્થ પણ અહીં બંધ બેસતો નથી.

૩ ત્રીજો અર્થ માતુલિંગ અર્થાત્ બિજોરા એ દરેક રીતે બંધ બેસતો છે. તેના ફળમાં ગર હોય છે, અને તે ગર આવાં દર્દો ઉપર ઉપયોગી પણ છે, એટલે **कुक्कुड मंसए** નો અર્થ બિજોરાનો ગર–ગીર એમ થયો. અને ટીકાકારે પણ તેજ અર્થ લીધેલ છે એટલે આપણે પણ તેજ અર્થ સ્વીકારવો જોઈએ.

નોટ:– અહીંયાં **कुक्कुट** શબ્દનો બિજોરા અર્થ કેમ થયો તે જરા સ્પષ્ટ કરવાની જરૂર છે.

कुक्कुट શબ્દનો સ્ત્રીલિંગવાચી શબ્દ **कुक्कुटी** થાય છે. અને તે **कुक्कुटी** શબ્દ ઉપરથી **मधुकुक्कुटिका** શબ્દ બન્યો છે. આ **मधुकुक्कुटिका** શબ્દમાં **मधु** તે વિશેષણ છે. તે વિશેષણવાચી શબ્દ છોડી દઈએ

તો **कुक्कुटिका** શબ્દ રહે છે. એટલે **कुक्कुटी** અને **कुक्कुटिका** એ બન્ને પર્યાયવાચી શબ્દો થયા. અને તે બન્ને પર્યાયવાચી હોવાથી તેના અર્થો પણ સમાન છે. હવે **मधुकुक्कुटिका** એટલે માતુલિંગ એટલે બિજોરા (વૈદ્યક શબ્દસિંધુ) (રાજવલ્લભ ત્રીજો પરિચ્છેદ પૃષ્ટ ૭૦૮) એટલે **कुक्कुटी** નો અર્થ પણ બિજોરા થાય છે અને તે અર્થ ટીકાકારે પણ ગ્રહણ કરેલ છે.

પ્રાણીવાચક પર્યાય શબ્દો જ્યારે વનસ્પતિમાં વપરાય છે ત્યારે દરેક પર્યાયવાચક શબ્દોનો વનસ્પતિમાં સરખો જ અર્થ કરવામાં આવે છે. જેમકે, **कुमारी** અને **कन्या** આ બન્ને પર્યાય શબ્દો છે અને તેનો અર્થ કુંવારી છોકરી થાય છે. આ બન્ને શબ્દો વનસ્પતિમાં વપરાય છે ત્યારે તેનો અર્થ **कुंवार** થાય છે.

धूर्त અને **कितव** એ પર્યાય શબ્દો છે અને તેનો અર્થ ધૂતારો થાય છે. અને તે બન્ને વનસ્પતિમાં વપરાય છે ત્યારે તેનો અર્થ **ધતૂરો** થાય છે. આ ન્યાયે **पारावत** અને **कपोत** પર્યાયવાચી શબ્દો હોવાથી તે બન્નેનો અર્થ પારાવત વૃક્ષનું ફળ એમ થાય છે. તથા **कुक्कुट**, **कुक्कुटी** તથા **कुक्कुटिका** એ બધા પર્યાયવાચી શબ્દો હોવાથી તેનો અર્થ પણ સરખો જ થાય. એટલે **कुक्कुट** નો અર્થ બીજોરૂં એ ઉપરના ન્યાયે બરોબર છે.

ઉપર જણાવ્યા પ્રમાણે વિવાદવાળા શબ્દોના વનસ્પતિવાચક અર્થો વૈદ્યક શબ્દકોષોમાંથી મળે છે. અને તેના ઔષધ તરીકેના ગુણો પણ પ્રભુને થએલા રોગ ઉપર ઉપયોગી છે તેમ વૈદ્યક ગ્રંથોથી સિદ્ધ થાય છે. વળી ટીકાકારે પણ વનસ્પતિવાચક અર્થો સ્વીકારેલા છે. એટલે તે અર્થો સ્વીકારવા જોઇએ. વળી આ લેખની શરૂઆતમાં જણાવ્યા પ્રમાણે શાસ્ત્રમાં જણાવેલ તે વખતની

વનસ્પતિ અત્યારે મોજુદ હોય અને ન પણ હોય, તેનાં તે વખતનાં નામો અત્યારનાં નામો સાથે બંધ બેસતાં હોય અગર ન પણ હોય, લાંબા કાળના અંતરને લીધે તેના ગુણદોષોમાં પણ ફેર જણાતો હોય. આ બધું બનવું તદ્દન સ્વાભાવિક છે. આવી પરિસ્થતિમાં પણ ઉપર જણાવ્યા પ્રમાણે વનસ્પતિવાચક અર્થો સબળ પ્રમાણો સહિત મળતા હોય છતાં તેને ન સ્વીકારીએ તો તે દુરાગ્રહ નહિ તો બીજુ શું? હવે આપણે પ્રાણીવાચક અર્થ કેમ ઘટી શકતો નથી તે વાત પણ વિચારીએ.

(૧) પ્રાણીનું માંસ આવા દાહક રોગની અંદર ઉપયોગી હોય તેમ વૈદક શાસ્ત્ર કયાંય પણ કહેતું નથી.

(૨) કોઇ વાતનો નિર્ણય કરતાં પહેલાં તે વાતને લગતા આજુબાજુના સંજોગોનો પણ વિચાર કરીને નિર્ણય કરવો જોઇએ. લેખની શરૂઆતમાં જણાવ્યા પ્રમાણે પ્રભુ મહાવીરે પ્રાણીહિંસા વિરૂદ્ધ પ્રચંડ બંડ ઉઠાવેલ હતું તે મહાવીરને પોતાના માનનીય સિદ્ધાંતની પણ કદર ન હોય તે કેમ સંભવે?

(૩) પોતાના પ્રતિસ્પર્ધીથી થએલ વ્યાધિ મટાડવા માટે આવી પ્રાણીહિંસાથી બનેલ ચીજ પોતે વાપરે તે વાત કેમ માની શકાય? પોતાના રોગના ઉપશમનના ઘણા નિર્દોષ ઉપાયો જાણી શકે તેટલું જ્ઞાન તો અવસ્ય પ્રભુ મહાવીરમાં હતું જ, એટલે તે પોતાના સિદ્ધાંતથી વિરૂદ્ધ જતી ચીજ મંગાવે, અને પોતે તેનો ઉપયોગ કરે, તે વાત સુજ્ઞ પુરૂષોના હૃદયને તો સ્પર્શ કરી શકતી નથી.

(૪) માંસાહાર તે નરક ગતિમાં લઇ જનાર છે, એમ ઠેક ઠેકાણે શાસ્ત્રોમાં પોકારનાર પોતે જ માંસાહાર કરે તે કેમ સંભવે,

અને આવો માંસાહાર કરીને પણ નિર્વાણપદ પ્રાપ્ત કરે, તે કેમ બની શકે!

(૫) રેવતી ગાથાપત્ની જે ધનાઢયની સ્ત્રી હતી, ઘણી જ ડાહી અને સમજુ બાઇ હતી, તે આવું ઉચ્છિષ્ટ માંસ રાંધે, રાંધીને વાસી રાખી મુકે, અને ભગવાનને વહોરાવે તે કેમ સંભવે! વળી જો પોતે રાંધે, એટલે ખાય પણ ખરી. આવું માંસ ખાનાર રેવતી આવું વાસી માંસ વહોરાવવાથી દેવગતિ પામે અને તીર્થંકર ગોત્ર બાંધે તે કેમ બને! શાસ્ત્રકાર તો ઠાણાંગજીમાં કહે છે કે આ સુપાત્ર દાનના પ્રતાપે રેવતી ગાથાપત્ની દેવગતિમાં ગએલ છે અને આવતી ચોવીશીમાં તીર્થંકર થશે. આવી પરસ્પર વિરોધી વાતોને કેમ ઘટાવી શકાશે! એક વાતનો વિપરીત અર્થ લેતાં ઘણી વાતો વિપરીત થાય છે, એટલે તે વાત સ્વીકાર્ય નજ હોઇ શકે. આ ઉપરથી એમ નક્કી થાય છે કે પ્રભુ મહાવીરે જે ઔષધ લીધેલ તે વનસ્પતિનું હતું પણ પ્રાણીના માંસનું નહિ હતું.

—પ્રાચીન ટીકાકારો—

છેવટે આ લેખ બંધ કરતાં પહેલાં આ સૂત્રોની ટીકાઓ લખનાર પ્રાચીન ટીકાકારો કે જેનો આ વિવાદગ્રસ્ત અર્થો કરવામાં આશ્રય લેવામાં આવે છે તેના વિષે પણ થોડો વિચાર અહીં કરી લઇએ.

મહાવીર સ્વામી પછી લગભગ ૯૮૦ વર્ષ બાદ આ સૂત્રો પુસ્તકારૂઢ થયાં, ત્યાં સુધી તો કંઠસ્થ હતા. સૂત્રો પુસ્તકારૂઢ થયા બાદ ટીકાઓ રચાણી એટલે મહાવીર પ્રભુ પછી ઘણા સૈકાઓનો કાળ વ્યતીત થયા બાદ ટીકાઓ લખાણી હતી.

ટીકા લખનાર ટીકાકારો સમર્થ વિદ્વાન, ધર્મના જાણકાર તથા હાડહાડની મજ્જાએ ધર્મની લાગણી વાળા હતા, છતાં પણ છદ્મસ્થ હતા, સર્વજ્ઞ નહિ હતા તે વાત તો નિર્વિવાદ છે. અને

પોતાના છદ્મસ્થપણાને લીધે કોઈ પણ ઠેકાણે સ્ખલના થતી હોય તેમ જણાય તો તે દોષ પોતાનો છે પણ પ્રભુની વાણીનો નથી તેવો સ્પષ્ટ ખુલાસો ટીકાકારોએ પોતેજ કરેલ છે. એટલે ટીકાકારોના છદ્મસ્થપણાનો પણ આપણે વિચાર કરવો જોઇએ.

આચારાંગ સૂત્રના ટીકાકાર શિલાંક આચાર્યે તથા દશવૈકાલિક સૂત્રના ટીકાકાર હરિભદ્રસૂરિએ સૂત્રોમાં આવતા આ વિવાદગ્રસ્ત શબ્દોના અર્થો જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતને બંધ બેસતા કરવા માટે પોતાની બુદ્ધિને ઠીક ઠીક કસીને કોશીશ કરી હતી. પૃથ્વી, પાણી જેવા છકાય જીવની દયા પાળનાર, કીડીઓની કરુણા ખાતર કડવી તુંબીનો આહાર કરનાર, અગર પોતાના માનનીય સિદ્ધાંત ખાતર પાંચસો પાંચસો એકી વખતે, હસતે મોઢે, ઘાણીમાં પીલાઇ મરી ફીટનાર જૈન સાધુઓ અનિવાર્ય સંયોગોમાં પણ માંસ અને માછલાં ખાય તે વાત તો તેમને ગળે નજ ઉતરી. તેમ સૂત્રોના તે ભાગને કેટલાકો અત્યારે ક્ષેપક કે વિચારણીય ગણે છે તેમ ગણવાની ધૃષ્ટતા પણ તેમણે ન જ કરી, પરંતુ પોતાની બુદ્ધિને કસીને મૂળ સિદ્ધાંતના હાર્દને જેટલું નજીકમાં નજીક જઇ શકાય તેટલું જવાનો પ્રયત્ન કર્યો, પરંતુ કોઇ પણ ઠેકાણે માંસ ખાવાનો અર્થ તો કરેલ જ નથી.

ભગવતી સૂત્રના ટીકાકાર અભયદેવસૂરિએ તો વનસ્પતિવાચક અર્થ જ સ્વીકાર્યો છે અને તે પ્રમાણે ટીકામાં પણ અર્થ કરેલ છે. એટલે ટીકાકારોના મત પ્રમાણે પણ જૈન સાધુઓ માંસ ભિક્ષા અગર માંસાહાર કરતા તેમ કયાંય પણ સિદ્ધ થઇ શકતું નથી.

ટીકાકારો પ્રત્યે સમ્પૂર્ણ પૂજનીય બુદ્ધિ હોવા છતાં વિવાદ–ગ્રસ્ત સૂત્રોના તેમણે જે અર્થો કર્યા છે તે સિવાય બીજા અર્થો નજ હોઇ શકે તેમ તો નજ કહેવાય. એટલે આ લેખમાં જણાવેલા

અર્થો તેમના કરેલા અર્થોથી વધારે બંધએસતા છે એમ જણાય તો તે અવશ્ય સ્વીકારવા જોઇએ.

જૈન ધર્મના પ્રખર અભ્યાસી સ્વર્ગસ્થ ભાઇ વાડીલાલ મોતીલાલ શાહ તેમના તરફથી બહાર પડેલ દશવૈકાલિક સૂત્રના પ્રથમ પાનાપર સૂચના કરે છે કે:— " (૧) તમારા વિચારથી જૂદા પડે, એટલા બધા મૂર્ખ એમ કદી ન માનતા; કદાચ તમારા કરતાં બીજા વધારે વ્યાજબી પણ હોય. (૨) શબ્દોને ન વળગી રહો પરંતુ હેતુ અને રહસ્યને તપાસો, ત્યાંજ કલ્યાણની ચાવી છે. (૩) સર્વને શાન્તિપૂર્વક સાંભળો, વિચારો અને પછી જ નિશ્ચય બાંધો." એજ ન્યાયે આ લેખમાં વિવાદવાળા શબ્દોના જે અર્થો કરવામાં આવેલ છે તે તરફ સમ્પૂર્ણ લક્ષ આપી તેને વિચારવા અને ઘટાવવા, અને એમ કસોટીએ ચડાવ્યા બાદ જો તે શાસ્ત્રોક્ત તથા શાસ્ત્રને બંધ બેસતા જણાય તો ગ્રહણ કરવા ભલામણ છે.

હું પોતે અલ્પશ્રુત હોવાથી સૂત્રોના અર્થ કરવામાં કે ઘટાવવામાં પ્રભુની વાણીનો વિપરીત અર્થ મારા અજાણપણાને લીધે થયેલ હોય તો તે બદલ તેમની ક્ષમા યાચી આ લેખ પૂર્ણ કરૂં છું.

"મઢુલી" રાજકોટ.
મહાવીર જયંતિ
તા. ૨-૪-૧૯૩૯

રા. સા. મણીલાલ વનમાળી શાહ.
મંત્રી,
સ્થાનકવાસી જૈન મોટા સંઘ-રાજકોટ.

વિદ્વાન મુનિરાજો, નિષ્ણાત પંડિતો, તથા [illegible]
શ્રાવકોએ આ પુસ્તકને માટે આપેલ અભિપ્રાયો.

जैनधर्मदिवाकर जैनागमरत्नाकर साहित्यरत्न जैनमुनि उपाध्याय श्री आत्मारामजी महाराजकी सम्मति.

लेखक महोदयने जैनागमोंमें आये हुए कतिपय मांस विषयक संदिग्ध पाठोंको स्पष्ट और परिमार्जित करनेमें जो श्रम किया है तथा उसमें उनको जो सफलता प्राप्त हुइ है तदर्थ वे अनेकानेक साधुवाद के पात्र हैं।

जैनागमोंमें एसे और भी बहुतसे संदिग्ध पाठ हैं जिनका स्पष्टीकरण नितान्त आवश्यक है, जैनागमों के संदिग्ध स्थलोंका सप्रमाण स्पष्टीकरण करनेका हमारा चिरकालसे विचार चला आता है, तदर्थ हमने आगमोंके कतिपय संदिग्ध पाठोंकी संकलना करके उसको जैन संप्रदायके प्रतिष्ठित साधु मुनिराजों तथा विद्वान् सद्गृहस्थोंकी सेवामें विचारार्थ उपस्थित भी किया, परन्तु शोकसे कहना पडता है कि इस विषयकी ओर किसी भी विद्वान्ने अधिक ध्यान देनेकी उदारता नहीं दिखाइ। हर्ष है कि प्रस्तुत पुस्तकके लेखक महोदयने इस ओर ध्यान दे कर आगमोंमें आये हुए मांसादि शब्दोंकी सप्रमाण और समुचित उपपत्ति तथा स्पष्टीकरण करके जैनागमोंको मांसविधानके सम्पर्कसे अछूता बत-

लाकर उनकी स्वाभाविक निर्मलतामें प्रविष्ट हुए अज्ञान जनित आगन्तुक मलको धोकर जो प्रशंसनीय काम किया है उसके लिये कोई भी तटस्थ व्यक्ति उनको धन्यवाद दिये विना नहीं रह सकता। हमारे बिचारमें तो लेखक महोदय को अपने विवेचनीय विषयमें पूरी सफलता प्राप्त हुइ है, उनकी कल्पनामें जहां नवीनता है वहां प्रामाणिकता और हृदयंगमिता भी है। यदि अन्य विद्वान् भी इस ओर द्रष्टिपात करनेका श्रम करे तो जैन शासनकी यह सबसे अधिक सेवा है।

२

बाल ब्रह्मचारिणी विदुषी महासतीजी श्री पार्वतीजी महाराजकी सम्मति.

इस समय जब कि कइ देशी तथा परदेशी अजैन विद्वानों द्वारा और कइ अनजान जैनियोंद्वारा भी आचाराङ्ग दशवैकालिक तथा भगवतीजी आदि सूत्रोंकी गाथाओंका ठीक अर्थ न समझकर अर्थका अनर्थ हो रहा है, एसे समयमें इस पुस्तककी समाजको बहुतही आवश्यकता थी। आपने इस पुस्तकको छपवाकर जैन समाजपरसे बहुत बडा कलङ्कको उतारनेकी चेष्टा की है, जिसके लिए सारी समाजको आपका कृतज्ञ होना चाहिए। अगर एसी पुस्तकका हिन्दी भाषा व उर्दूमें अनुवाद करके छपवा दिया जावे तो और भी ज्यादा लाभ हो सकता है। थोडे लिखे को विशेष जानना।

३

भारतभूषण पण्डित मुनिश्री रत्नचन्द्रजी शतावधानीजी महाराजकी सम्मति.

लेखकने इस विषयमें खूब शोधखोलपूर्वक लिखा है। जैनधर्मकी मूल प्रकृतिको जो समझता है वह इस प्रकारकी शङ्काही नहीं कर सकता है कि जैनधर्ममें मांसाहारको खाद्यरुपसे स्थान है। किसी काल विशेषमें मांसाहारका रिवाज माननेमें भी अनेक बाधाएं और परस्पर विरोधी कथन उपस्थित होंगे। अट्ठि, मांस, कंटक आदि शब्दोंका जो अर्थ किया गया है वह ठीक है। "रेवतीदान समालोचना" में इस विषयपर प्रकाश डाला गया है। पुस्तक पठनीय है।

४

શ્રીમાન્ પંડિત પ્રવર ધર્મવિજયજી મહારાજ-સાહેબની સમ્મતિ.

જૈનધર્મમાં માંસાહાર નિષેધ માટે તમોએ જે જે સપ્રમાણ મુદ્દાઓનું આલેખન કર્યું છે તે આજ સુધીમાં લખાયેલા તે બાબતના લેખોને વધુ પુષ્ટિ આપનારૂં છે. તેમાં પણ ઇંગ્લીશ ડીક્ષનેરીનો જે સાથ લીધો છે તે આજના વર્ગ માટે વધુ હિતાવહ છે. ભાષાપદ્ધતિ એટલી સુંદર, સરલ અને રોચક છે કે સામાન્ય પ્રજ્ઞાશીલ પણ તેમાંનું નવનીત તારવી શકે છે. નિષ્પક્ષ દૃષ્ટિએ આ પુસ્તિકાનું વાંચન થાય અને વિચારાય તો હરકોઇ વ્યક્તિ

" જૈનધર્મમાં માંસાહારનું અસંભવપણું " સાફ સાફ કબુલ કરી શકે તેમ છે. તમારા આ પ્રશંસનીય પ્રયાસ માટે અનુમોદન થાય છે.

૫

पूज्यश्री हस्तिमलजी महाराज साहबकी सम्मति

लेखक महाशयने श्री आचाराङ्ग सूत्र, श्री दशवैकालिक सूत्र और श्री भगवती सूत्र इन तीन सूत्रोंमें आए हुए मांसाहार सम्बन्धी शङ्कास्थलोंके उपर खूब परिश्रमके साथ विवेचन किया है × × × विद्वान् लेखककी यह परिभाषा बहुत अच्छी है × × × लेखकने अपनी शक्तिका इस विषयमें पूरा उपयोग किया है × × × इस विषयके शङ्काशीलोंको यह पुस्तक उपयोगी होगी।

૬

ઋષિ સંપ્રદાયાચાર્ય પૂજ્યશ્રી દેવજીઋષિજી મહારાજ સાહેબની સમ્મતિ.

કિતાબ સારી છે. પ્રસિદ્ધ કરવામાં ઉપયોગી છે. હિન્દીમાં બહાર પડે તો પણ સારૂં છે.

૭

जैनदिवाकर प्रसिद्ध वक्ता पं. मुनिश्री चोथमलजी महाराजकी सम्मति

लेखकने बहुत परिश्रम कर यह पुस्तक लिखी है, इसके लिए स्थानकवासी समाजके लिए बडी गौरवकी

बात है । जिन शब्दोंका अन्य लोगोंको भ्रम हो रहा था उनके लिए यह पुस्तक बहुत ही लाभदायक और उपयोगी है । आशा है इस पुस्तकसे आबाल वृद्ध सभी लाभ उठावेंगे । लेखकका प्रयत्न स्तुत्य है ।

૮

બનારસ હિંદુ યુનિવર્સિટીના જૈન તત્ત્વજ્ઞાનના પ્રોફેસર પંડિતરત્ન સુખલાલજીનો અભિપ્રાય.

પ્રસ્તુત વિષયમાં નીકળેલ સાહિત્ય મેં બહુ થોડું વાંચ્યું છે. તેમાં તમારૂં જ લખાણ વધારે સાદર વાંચ્યું છે. બેશક એમાં સમભાવ, સફલતા અને પક્ષ રજુઆતની ઢબ – એ બધું હૃદયગ્રાહી છે. કેટલીક દલીલો પણ નવી અને વિચારણીય છે, તેથી આ વિષય ઉપર વિચાર કરનારાઓને આ પુસ્તક કામનું છે જ.

નિશ્ચય અને વ્યવહાર દૃષ્ટિ વચ્ચે શો ફેર, બેમાં શો સંબંધ, બન્નેની શરૂઆત કઇ ભૂમિકામાં ને તેનો વિકાસ તથા આવાં બધાં જ ઉત્સર્ગાપવાદ વાળાં સ્થળોનો ઉક્ત બન્ને દૃષ્ટિએ શો ખુલાસો – એ બધું અવશ્ય વિચારવાનું છે જ.

હિંસા અને અહિંસાની – ભક્ષ્યાભક્ષ્યની તાત્ત્વિક ચર્ચા અતિ સ્પષ્ટતાથી પ્રાચીન જૈન શાસ્ત્રોમાં થઇ છે. એના પ્રકાશમાં પણ પ્રસ્તુત મુદ્દો વિચારવાનો છે જ. પ્રત્યેક પ્રાન્તમાં કાળભેદે અને દેશ પરદેશની નવી નવી જાતિઓના પ્રાથમિક ને પછીના રિવાજ પણ ઐતિહાસિક દૃષ્ટિએ જોવાના છે. આપણો વર્તમાન જૈન સંસ્કાર પ્રથમથી એકજ સરખો છે કે તેમાં અનેકવિધતા હતી એ ઈતિહાસ વિના ન જણાય તેથી પુનઃ શાસ્ત્રીય અને ઐતિહાસિક

દષ્ટિએ વિસ્તૃત લખાય કે લખાવાય તો આ પુસ્તિકા ઓર પ્રકાશ આપશે. છતાં છે તે યોગ્ય જ છે.

૯

" पाइअ सद्द महण्णवो " (પ્રાકૃત શબ્દકોષ)ના કર્તા, કલકત્તા વિશ્વવિદ્યાલયના સંસ્કૃત તથા પ્રાકૃત ભાષાના અધ્યાપક ન્યાય વ્યાકરણતીર્થ પં. હરગોવિંદદાસ ત્રીકમચંદ શેઠનો અભિપ્રાય.

શ્રી આચારાંગ સૂત્ર, દશવૈકાલિક સૂત્ર અને ભગવતી સૂત્રના અમુક પાઠોને લઇને કેટલાક વિદ્વાનો જૈનદર્શનમાં માંસાહારના વિધાનનો જે ભ્રમ સેવી રહ્યા છે તે ભ્રમને દૂર કરવા માટે " જૈન દર્શન અને માંસાહાર " નામના આપના લઘુ પણ મહત્ત્વપૂર્ણ પુસ્તકમાં જે અકાટ્ય પ્રમાણો અને દલીલો સાથે સુન્દર, સ્પષ્ટ અને સચોટ ખુલાસાઓ આપવામાં આવેલ છે તે વાંચ્યા પછી તેવા ભ્રમ માટે કાંઇપણ વ્યાજબી સ્થાન રહેતું નથી, રહી શકતું નથી. આપે આપેલા ખુલાસાઓમાં કેટલાક નવીન પણ સુસંગત અને આદરણીય છે. ખરેખર આ દિશામાં આપનો આ પ્રયત્ન નવીન પ્રકાશ પાડનાર હોઇને સફળ અને સ્તુતિપાત્ર છે.

૧૦

ગોંડલ સંપ્રદાયના વિદ્વાન પંડિત મુનિશ્રી પુરુષોત્તમજી મહારાજનો અભિપ્રાય.

" પુસ્તક મળ્યું, પુરેપુરૂં ધ્યાનપૂર્વક વાંચ્યું. આ પુસ્તક લખી તમે જૈનધર્મની અતિ ઉત્તમ સેવા બજાવી છે. પુસ્તક સાધુ વર્ગને

મનન કરવા યોગ્ય તેમજ તેના કેટલાક અર્થો તો યાદ કરવા યોગ્ય છે. તેમાં પણ '**वा**' શબ્દને વિકલ્પમાં તથા ઔપમ્યમાં સુંદરમાં સુંદર રીતે ઘટાવી જે તદ્દન નવોજ **પ્રકાશ** પાડેલ છે તે તો **અનુપમ** જ છે. આ વિષયનું વાંચન ઘણી વખત કરવા છતાં આ **અર્થ** અમોને તો સુઝયો જ નહિં તે નવાઇ જેવું છે.

તમારા જેવા ભણેલા પરંતુ નિવૃત્તિ પામેલા ભાઇઓ જ્યારે ધર્મમાં આમ રસ લેતા થશે ત્યારે જૈનધર્મમાં નવો જ પ્રકાશ પડશે."

११

शास्त्रज्ञ पंडित मुनिश्री गब्बुलालजी महाराजकी सम्मति

मैंने इस पुस्तकका आद्योपान्त मनन और विचार-पूर्वक वांचन किया, इस परसे मैं उन भाइयोंको यह कह देना चाहता हुं कि, जिन्होंने जैनधर्मके मौलिक तत्त्वोंका यथायोग्य अभ्यास नहीं करनेसे ससलेके सिर सींग उगानेके समान जैन धर्मके चरम तीर्थंकर महावीर भगवान और उनके पवित्र मार्ग पर चलनेवाले साधुओंके लिए मांसाहारका सेवन करना कहने वाले इस पुस्तकको अच्छी तरहसे वांचन करेंगे तो खुदका बिना समझसे कह दिये गये जैन धर्मके अनुयायियों पर आक्षेपरुप वचनों-पर जरुर पश्चात्ताप होगा, ओर लेखक अपनी पवित्र लेखनीसे लिख जैन धर्मीयोंसे जरुर क्षमा मांगेगा। इसके सिवाय जिज्ञासुके लिए यह पुस्तक अतीव उत्तम होगी, क्यों कि लेखक श्रमणोपासक जैन रा. मणिलाल बनमाळी शाहने मध्यस्थ भावसे विचारपूर्वक सप्रमाण लिखा है। इससे

मेरी अन्तरात्मासे श्री महावीरकी प्रथा (धनेसिणं मंडुअ) से प्रेरित हो कर लेखकको धन्यवाद दिये विना नहीं रहा जाता। इसके साथ २ लेखकने अपना स्तुत्य परिश्रम करके जैनधर्मकी भारी सेवा बजाइ, फिर ऐसे अनेक विवादग्रस्त प्रश्नोंका खुलासा लिखते रहें तो जरुर धर्मकी खरी प्रभावना कर आत्मकल्याण जरुर करेगा।

१२

બોટાદ સંપ્રદાયના પૂજ્યશ્રી માણેકચંદજી મહારાજ સાહેબની સમ્મતિ.

અમે આ પુસ્તક અથથી ઇતિ સુધી અક્ષરે અક્ષર વાંચેલ છે. તેમાં સૂત્રાર્થ ઘણી રીતે સમજીને દાખલ કર્યો છે ને તેમાં કાંઇ પણ આક્ષેપો કર્યા વગર આપે પટેલ ગોપાળદાસની તમામ ગેરસમજૂતી વાળી દલીલોનો સચોટ રદીયો આપેલ છે. અન્ય જૈનદર્શનીયોએ પણ તેને ઘણા પ્રથક્ પ્રથક્ જવાબો આપેલા છે જે અમારા વાંચવામાં આવેલા છે. તે બધા કરતાં આ પુસ્તકની આપની સરલ ને અસરકારક દલીલો વાંચી અમોને સંતોષ થએલ છે. આપણા જૈન વર્ગમાં આવું સુંદર પુસ્તક પહેલુંજ ઘણીજ કાળજીપૂર્વક બહાર પડેલ છે તે ખાતે આપને અમે મુબારકબાદી આપીએ છીએ.

१३

श्रीमान् सेठ बरदभाणजो साहब पितलिया रतलाम की सम्मति.

आपके सूचना अनुसार मैंने सारा निबंध बहुत ध्यानके साथ पढा व भाइश्री बालचंदजी श्रीमालको भी पढाया।

आपने अपनी सद्बुद्धि, धार्मिक ज्ञान और विवेकका अच्छा परिचय दिया है। निबंधकी विषयशैली अति रोचक व भावोत्पादक है। आजतक इस विषयमें जितने भी लेख प्रगट हुए हैं और हमारे देखनेमें आये हैं उन सबका सारांश भी इसमें आ गया है और प्रस्तावना भी अच्छी है। अलावे कोइ २ अर्थ व युक्तियें भी सप्रमाण आपने इसमें दी हैं जो पहिले हमारे देखनेमें नहीं आइ। वास्तवमें एसे निबंधसे जो गलतफेहमी व भ्रम पेदा हुआ है वह जरूर दूर होना चाहिये। यदि कोइ न्याय द्रष्टिपूर्वक संबंधसे अर्थपर विचार करे और यदि कोइ उपरी द्रष्टिसे शब्दके संबंध, आशयको न समझ कर या उसपर लक्ष न देकर केवल शब्द का हालमें प्रचलित एक ही अर्थ पकड कर टीका करे तो उनकी हठ बुद्धि है, उनके लिये उपाय ही नहीं है।

१४

श्रीमान् दानवीर सेठ अगरचंदजी भैरोंदानजी सेठिया बंबइ अधिवेशनके प्रेसीडन्ट साहबकी सम्मति

"जैन दर्शन और मांसाहार" पुस्तक पढी। आपने इस विषयमें सप्रमाण प्रकाश डाल कर एक बडी आवश्यकताकी पूर्ति की है एवं जैनधर्मपर लगाये जाने वाले असत्य आरोपको दूर किया है। आपका प्रयत्न सुंदर एवं स्तुत्य है। हमें विश्वास है कि इस पुस्तकके प्रचारसे लोगोंका एतद्विषयक भ्रम दूर हो जायगा, एवं वे जैनधर्मकी ओर विशेषरुपसे आकृष्ट होंगे।

૧૫

શાસ્ત્રજ્ઞ શેઠ દામોદરદાસ જગજીવનભાઇ દામનગરવાળાની સમ્મતિ.

આપે ઘણા પુસ્તકોના આધારોનો ઉલ્લેખ કરીને નિબંધ લખવામાં ખુબ પરિશ્રમ ઉઠાવ્યો છે, એમ મારૂં માનવું છે.

મૂળભૂત સિદ્ધાંતથી આપે ઉપાડયું છે તે સત્ય જ છે કે એક પાંખડી પણ જ્યાં દુભાય ત્યાં જૈન મતની સંમતિ હોઇ શકે નહીં.

૧૬

શ્રી હર્ષચંદ્ર કપુરચંદ દોશી ન્યાય વ્યાકરણતીર્થ સંપાદક 'જૈન પ્રકાશ'ની સમ્મતિ

પુસ્તિકા આદ્યોપાંત વાંચી, તેમાં આપેલ પ્રમાણો તથા દલીલો નિર્વિવાદ છે. × × × એક યા બીજા રૂપે આ પુસ્તિકા વર્તમાન ચર્ચાના જવાબ રૂપે છે અને જો સરળતા અને સમજણપૂર્વક વિચાર કરવાનો અવકાશ હોય તો જરૂર વિચાર પરિવર્તન કરાવે તેવું સચોટ દલિલપૂર્વકનું તેમાં વસ્તુ નિરૂપણ કરવામાં આવેલ છે. આ પ્રયાસ સ્તુત્ય છે.